Chapter 5

૫. 'પંચદંડ'ની પરંપરા

'પંચદંડ'ની વાર્તાઓ 'વેતાલપચીસી' અને 'સિંહાસનબત્રીસી'ની માફક સમગ્ર ભારતમાં નહિ પણ મુખ્યત્વે પશ્ચિમ ભારતમાં સુપ્રચલિત છે. 'સિંહાસનબત્રીસી' અને 'વેતાલપચીસી'નાં રૂપાંતર ભારતની ઘણી ભાષાઓમાં મળે છે, પણ 'પંચદંડ'ની કૃતિઓ, સંસ્કૃત, જૂની ગુજરાતી અને રાજસ્થાનીમાં રચાયેલી મળે છે. આમ, ભારતભરમાં વ્યાપક નહિ છતાં 'પંચદંડ'ની વાર્તાઓ, સારા પ્રમાણમાં પ્રાચીન એવી પરંપરા સાચવી રહી છે.

યોગની શાખા તરીકે અન્ય સ્વરૂપે વિકસેલી, સિદ્ધયોગીઓ અને તાન્ત્રિકો વિષેની કેટલીક પ્રાચીન પ્રાકૃત ધાર્મિક માન્યતાઓ અને ધારણાઓ તેમ જ પ્રાચીન ભારતીય રસવિદ્યા (Ancient Indian Alchemy) સાથે તાન્ત્રિક વિદ્યાના અધ્યયનનો કેવો સુમેળ હતો, તે સર્વ આ વાર્તાઓમાં સચવાયેલાં મળે છે. અદ્ભુત વિદ્યા મુખ્ય કથાઘટક (Motif) તરીકે જેમાં પ્રયોજાયેલ છે તે વાર્તાચક્રત્રયી — 'વેતાલપચીસી', 'સિંહાસનબત્રીસી', અને 'પંચદંડ' — માં 'વેતાલપચીસી' પ્રાચીન છે. 'પંચદંડ' અને 'સિંહાસનબત્રીસી'ની વાર્તાઓના કથાદેહ અને અંતસ્તત્ત્વ પર 'વેતાલપચીસી'ની પ્રબળ અસર છે. ઈસવી સનની પહેલી સદીની આસપાસ રચાયેલ

~~ગુણાઢ્યકૃત 'બૃહત્કથા'ના કાશ્મીરી રૂપાંતર, સોમદેવકૃત 'કથા-~~

સરિત્સાગર'માં 'વેતાલપચીસી'ની વાર્તાઓ મળે છે. સિદ્ધવિદ્યાનાં પ્રતીકરૂપ વેતાલ અને વિક્રમ, ઉપર્યુક્ત વાર્તાચક્રોની સળંગ સૂત્રથી સાંધતાં પાત્ર છે. વિક્રમ એ કોઈ રાજા, મહારાજા કે સમ્રાટ હતો કે કેમ એ સમસ્યા બાજુએ રાખીએ તો, તે સર્વ અદ્ભુત વિદ્યાઓમાં પારંગત એક વિદ્યાધર હતો. એમ ઉપર્યુક્ત તેમ જ અન્ય વિક્રમ-વિષયક વાર્તાચક્રો-માંથી નિષ્પન્ન થાય છે; અને 'બૃહત્કથા' તેમ જ 'કથાસરિત્સાગર'ની વાર્તાઓનો નાયક નરવાહનદત્ત, 'વસુદેવ-હિંડી'નો નાયક વસુદેવ અને આચાર્ય મુનિરત્નસૂરિ-વિરચિત 'અંબડચરિત્ર'[૨૫૦]નો નાયક અંબડ વિદ્યાધર આદિ પાત્રોનું રૂપાન્તર થતાં થતાં, આપણને વાર્તાચક્રોના વિક્રમનું લોકપ્રિય પાત્ર મળ્યું છે. આચાર્ય હેમચન્દ્રાચાર્ય-વિરચિત 'ત્રિષષ્ટિ-શલાકાપુરુષ ચરિત્ર'માંના ભરત આદિ ચક્રવર્તીઓએ પણ કેટલેક અંશે વિક્રમના પાત્રના ઘડતરમાં ઠીક ફાળો આપ્યો છે.

વેતાલ એ વિક્રમનો સાથીદાર ખરો, પણ તેનું નામ અગ્નિશિખ છે. 'કથાસરિત્સાગર'માં, અગ્નિશિખ, યમશિખ, ભૂતકેતુ આદિ જુદા જુદા વેતાલના ઉલ્લેખ મળે છે. તેઓ પૈકી, અગ્નિશિખ અથવા આગિયો વેતાલ એ જ વિક્રમનો સહાયક. આ આગિયો વેતાલ, વેતાલવિદ્યા ઉપરાંત અન્ય સિદ્ધવિદ્યાઓનો જાણકાર હતો, એમ વિક્રમ-વિષયક વાર્તાચક્રોમાંથી આપણને જાણવા મળે છે. સી. એચ. ટોનીના 'કથાસરિત્-સાગર'ના અંગ્રેજી અનુવાદ પર નોંધ લખનાર, પ્રસિદ્ધ વિદ્વાન પેન્ઝર, વેતાલો (Vampire) વિશે, 'Russian Folktales'ના સંગ્રાહક રાલ્સ્ટન (Ralston)નો મત આ પ્રમાણે દર્શાવે છે:[૨૫૨]

૨૫૦. આ સંસ્કૃત કૃતિ પરથી મંગલમાણિક્યે, જૂની ગુજરાતીમાં, ઈ.સ. ૧૬૩૯માં 'અંબડ વિદ્યાધર રાસ' રચ્યો છે; સ્વ. પ્રો. બ. ક. ઠાકોરે તેનું કરેલું સંપાદન પ્રસિદ્ધ થયું છે.

૨૫૧. Tawney and Penzer, Op. cit., Vol. IX, pp. 13-45.

૨૫૨. Ibid., Vol. II, p. 61.

"It is vitalised corpse that the visitor from the other world comes to trouble mankind often subject to human appetites, constantly endowed with more than human strength and malignity (p. 306)."

આ જ નોંધમાં પેન્ઝર ઉલ્લેખ કરે છે કે વેતાલની માન્યતા, આફ્રિકા, બેબિલોન, ઇજિપ્ત આદિ દેશોમાં પણ હતી. 'સિદ્ધિ કુર' કે જે 'વેતાલપચીસી'નું મોંગોલિયન રૂપાન્તર છે તેના વડે ચીન, મોંગોલિયા અને દૂર પૂર્વના અન્ય દેશોમાં વેતાલ વિષેની માન્યતા પ્રચલિત થઈ હશે. આ ચર્ચાના અંતે એટલું કહેવું ઉચિત થશે કે, વેતાલ એ કોઈ વિદ્યાધર જેવો છે, જ્યારે વિક્રમ વિદ્યાધરોના ચક્રવર્તી સમો નિરૂપાયેલો છે.

નરવાહનદત્ત, વસુદેવ અને અંબડ વિવિધ અદ્ભુત વિદ્યાઓ પ્રાપ્ત કરી, વિદ્યાધર થયા હતા; અંબડ વિદ્યાધરનો સાચો વારસદાર વિક્રમ, તેણે પણ આ રીતે વિદ્યાધરપદ પ્રાપ્ત કર્યું હતું. 'વેતાલપચીસી', 'સિંહાસનબત્રીસી' અને 'પંચદંડ'ની વાર્તાચક્રોમાં વિક્રમ અનેક પ્રકારની અદ્ભુત વિદ્યાઓ પ્રાપ્ત કરે છે; કેટલીક તો, આ ગણને વિષે જેનો ઉલ્લેખ થયો ન હોય તેવી પણ તે જાણતો હોવાનું વર્ણન મળે છે. આમ, અદ્ભુત વિદ્યાઓ (Magic Sciences) અને તેના જાણકાર વિદ્યાધરો (Holders of Magic Sciences), ઉપર્યુક્ત વાર્તાચક્રની વાર્તાઓની પરંપરાના પશ્ચાદ્ભૂમાં વ્યાપક રીતે રહેલાં છે.

રાવણ એ વિદ્યાધર હતો અને તેનો પુત્ર મેઘનાદ, રામ-રાવણ વચ્ચેના યુદ્ધના સમય દરમ્યાન અમોઘ વિદ્યાની સિદ્ધિ પ્રાપ્ત કરવા સાધના કરતો હતો, એવો ઉલ્લેખ મળે છે. [illegible]

'બૃહત્કથા'ના કાશ્મીરી રૂપાન્તર 'કથાસરિત્સાગર' અને 'વસુદેવ-હિંડી'માં વિદ્યાધરો અને મહુઇ વિદ્યાઓનો (વિદ્યાદેવીઓ તરીકે) ઉલ્લેખ છે. તે ઉપરાંત, 'આવશ્યકચૂર્ણિ' (જિનદાસ મહત્તર; ઈ.સ. ૬૭૭), 'આવશ્યક-નિર્યુક્તિ' (આઠમો સૈકો; હરિભદ્રસૂરિ), 'ચઉપન્ન મહાપુરુષચરિયમ્' (ઈ.સ. ૮૬૮; શિલાંક), 'પઉમચરિયમ્' (આશરે ઈસ્વી સનનો ચોથો સૈકો; વિમલસૂરિ), અને 'હરિવંશ' (ઈ.સ. ૭૮૩-૮૪; જિનસેન) આદિ ગ્રન્થોમાં વિદ્યાધરો અને વિદ્યાઓ સંબંધી સારા પ્રમાણમાં નિરૂપણ છે. નાગ, યક્ષ, ગાન્ધર્વ, કિન્નર આદિ જાતિનાં મોટા ભાગનાં વિદ્યાધર તરીકેનાં વર્ણન મળે છે. અમેરિકાના પ્રસિદ્ધ ભારતીયવિદ્યાવિદ્ મોરિસ બ્લૂમફિલ્ડે વિદ્યાધરોનું આ પ્રમાણે વર્ણન કર્યું છે.[૨૭૩]

No doubt many or most of these fairy-tales were known to folklore before Yoga philosophy systematised them, and many more are current in fiction which the Yoga does not take note of at all. The gods would always do as they pleased, to begin with, Yoga or no Yoga. There is an especial class of semi-divine persons, the so-called Vidyadhars, or 'Holders of Magic Science' who need no instruction in Yoga and yet possess a very imaginable power. They are magicians, congenitally, habitually fly in the air, and are therefore also known by the name

૨૭૩. Bloomfield, M., 'On the Art of entering another's body: A Hindu Fiction Motif', an article published in the 'Proceedings of the American Philosophical Society', Vol. 56, pp. 1-43; 1917

of 'Air-goers' (Khecara or Vihaga). In a vaguer way almost any one at all may own magic science in fiction. The fairy-tale is interested more in the individual items of magic as self-existent real properties of its technique than in their causes or their motivation. But the influence of Yoga appears in this way: as a rule each magic trick is dignified by the name of Vidyā, 'Science' or 'art' ('stunt', as we might say). These Vidyās are in the first place the property by divine right of the above-mentioned Vidyādharas, but they may also be acquired, or called into service by mortals.

હૅન્સ વાન બ્યુઈટેનેન (Hans Van Buitenen) નામના વિદ્વાને વિદ્યાધરોનાં લક્ષણો, વિસ્તારપૂર્વક આ પ્રમાણે આપ્યાં છે:[૨૫૪]

× × × × × × ×

The Vidyādhar is one of the most interesting of the twenty odd different kinds of supernatural beings that occur in the story literature. For unlike any other god, deity, vampire or hob-goblin, the Vidyādhar is originally a man. Though his affinity with other celestial beings, like the Gandharvas, has occasioned

૨૫૪. Hans Van Buitenen, 'The Indian Hero as Vidyādhar', an article published in 'Traditional India: Structure and Change' (edited by Milton Singer), pp. 99-105

a similar mythology of a race of Vidyādhars created by Śiva?, with a King in control, definitely localized cities etc., there can be real doubt that Vidyādhar represents man, becomes superman by virtue of his knowledge. By his own efforts and through the proper science, man can become a Vidyādhar, not through the usual promotion from life to life through which an occasional human soul may aspire to become god for a while, but instantaneously, during this very life. The word means "possessor of science", being virtually synonymous with magic. For the science that makes a man a superman is the knowledge of appropriate formulae and spells that give him entire control over his destiny and allow him to transcend his human limitations. There is no doubt that the figure of Vidyādhar has been patterned on the aspirant to liberation; for the common man in any case and, we may presume, for many practitioner, the main requirement to gain to that yonder world of liberation which, transcending the old heaven, immediately assumed the attributes of the old heaven in the popular mind, was the mere knowledge of the secret formulae

upon which the Brahmans of old had based their ascendancy over world and afterworld. It is related as much to the mysticism of a higher order, Yoga in different applications (which itself has many magical trappings), as to the black arts of the necromancer. In the Vampire's[35] Tales, an aspirant to the state of Vidyādhar arranged an elaborate black pūjā and ritual offering terminating in a human sacrifice meant to gain control of the corpse-spirit Vetāla. Elsewhere the preliminaries involve the ripping of an unborn child. The character of the Vidyādhar shares the dual characteristics of its origination: it is a benevolent, artistic and amorous spirit, but also a boon companion of demons and goblins and a bogy with small children are frightened.

'વસુદેવ-હિંડી'[૨૫૫]માં, વિદ્યાધરોની સંજ્ઞાથી વિદ્યાધરોના નિકાય (સમૂહ) થયાનો ઉલ્લેખ મળે છે; જેમ કે, ગૌરી વિદ્યાથી ગૌરિક, મનુથી મનુપૂર્વક, ગાન્ધારી વિદ્યાથી ગાન્ધાર, માનવીથી માનવ, કૈશિકાથી કૈશિકપૂર્વક, ભૂમિતુંડક વિદ્યાના અધિપતિ ભૂમિતુંડક, મૂલવીર્યથી મૂલવીર્ય, શંકુકાથી શંકુક, પાંડુકીથી પાંડુક, કાલકીથી કાલકેય, માતંગીથી માતંગ, પાર્વતીથી પાર્વતેય, વંશાલતાથી વંશાલતા, પાંસુમૂલિકાથી પાંસુમૂલક, વૃક્ષમૂલિકાના વૃક્ષમૂલક, કાલિકાના કાલકેશ. — આ પ્રમાણે આ ભાગ (સોળ

૨૫૫. સાંડેસરા, (ડૉ.) ભો. જ., 'વસુદેવ-હિંડી' (ગુજરાતી અનુવાદ), પૃ. ૨૧૩

નિકાયોના) કરીને નમિ અને વિનમિએ આઠ આઠ નિકાયો ગ્રહણ કર્યા.

'વસુદેવ-હિંડી'માં[૨૫૬], નાગરાજ ધરણે, નમિ અને વિનમિને ગાન્ધર્વો અને પન્નગોની ૪૮૦૦૦ વિદ્યાઓ આપી, એ પ્રમાણે વર્ણન છે; એટલે ગાન્ધર્વો અને પન્નગો પણ વિદ્યાધર હતા. વિદ્યાધરોના ઉપર્યુક્ત સોળ કુળનું મૂર્તિવિજ્ઞાન-વિષયક વર્ણન (Iconographical description) જિનસેનકૃત 'હરિવંશ'માં પણ મળે છે. વિદ્યાધરોનાં સોળ કુલ પૈકી, આઠ આર્યકુલ હતાં અને આઠ દૈત્ય, પન્નગ અથવા માતંગનાં કુલ હતાં, એમ ડૉ. ઉમાકાન્ત શાહે, 'હરિવંશ' પરથી નોંધ કરી છે તે આ પ્રમાણે છે:[૨૫૭]

"Another Digambara narrative work called Harivamśa written by Jinasena I, in Śaka year 705 (783-4 A.D.) supports the tradition of Āvaśyaka Cūrṇi, Vasudevahiṇḍi and other texts in giving the account of Nami and Vinami and further states that of the Vidyādharas, the following eight classes namely, Manus, Mānavas, Kauśiks, Gauriks, Gāndhārs, Bhūmituṇḍakas, Mūlavīryas and Śaṅkukas belonged to the Āryas, Ādityas or Gandharvas while the other eight namely, the Mātaṅga, the Pāṇḍuka, the Kāla, the Śvapāka, the Parvata, the Vaṁśālaya, the Pāṇḍumūla and Vṛkṣamūla classes belonged to the Daityas, the Pannagas or

૨૫૬. સાંડેસરા, (ડૉ.) ભો. જ., ઉપર્યુક્ત, પૃ-૩૩૨

૨૫૭. Shah, (Dr.) U.P., 'Iconography of the sixteen Jaina Mahāvidyās', an article published in the Journal of the Indian Society of Oriental Art, Vol-XV, p-118; 1947.

the Mātaṅgas. This Division into the Ārya vidyās and Daitya vidyās opens a new road of investigation in the evolution of Indian Tantra."

આ વિદ્યાધરો ઘણા પ્રકારની વિદ્યાઓ જાણતા હતા; 'વસુદેવ-હિંડી'માં આવા નીચે દર્શાવેલ વિદ્યાઓનો ઉલ્લેખ મળે છે:

તાલોદ્ઘાટની (કમાડ ઉઘાડવાં), અવસ્વાપિની (માણસોને ઉંઘાડી દેવાં), સ્તંભિની (જેનાથી સામો માણસ નિશ્ચેષ્ટ થઈ જાય), મોચની- (જેનાથી ચોટ્ટાઓ પાછા વળે), ઉત્સારિણી, હસ્તી વિદ્યા, તિરસ્કરણી, પ્રજ્ઞપ્તિ, બંધવિમોચની (જેનાથી બંધનમાંથી છૂટી શકાય), પત્રલઘુકિકા- (જેનાથી કોઈ વસ્તુને પાંદડા જેવી હળવી બનાવી શકાય) વિકુર્વિણી, સૂક્ષ્મ-બાદર-વિવિધરૂપકારિણી, અંતર્ધાની, ગગનગામિની, વેતાલી, મહારોહિણી, ગૌરી, વિદ્યુન્મુખી, મહાજ્વાલા, બહુરૂપા, શુંભ, નિશુંભ, અપ્રતિહતવિદ્યા, પ્રહરણાવરણી, વિદ્યામુખી, ભ્રામરી આ આભોગિની આદિ.

સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, મહાનિશીથ આદિ જૈન આગમોમાં નીચેની વિદ્યાઓના ઉલ્લેખ મળે છે:

અન્તર્ધાની વિજ્જા (અદૃશ્ય થવાની વિદ્યા), ઉત્પાતની વિદ્યા, મંગોલિ વિજ્જા (વિઘ્ન દૂર કરવાની વિદ્યા), માતંગવિદ્યા (ભૂતકાળ જાણવા માટેની વિદ્યા), વાસક્ષેપ વિદ્યા, શ્રુતદેવતા વિદ્યા, વર્દ્ધમાનવિદ્યા આદિ.

'સૂત્રકૃતાંગ'માં નીચેની વિદ્યાઓ શીખવાની મનાઈ કરેલી છે:

વૈતાલી, અર્દ્ધવૈતાલી, અવસ્વાપની, તાલુગ્ઘાડણી, શ્વપાકી, સોવારી, દામિલી, કાલિંગી, ગૌરી, ગાન્ધારી, આવેદની, ઉત્પતની, જમ્ભની, સ્તમ્ભની, લેસની, આમયકરણી, વિશલ્યકરણી, અન્તર્ધાની.

વિમલસૂરિકૃત 'પઉમચરિયમ્'માં, 'વિદ્યાધરવંશ' નામના પ્રકરણમાં,

રાવણ અને તેના ભાઈઓએ નીચે દર્શાવેલી વિદ્યાઓ પ્રાપ્ત કરી હતી, એમ જણાવ્યું છે:

પ્રજ્ઞપ્તિ, કૌમારી, અણિમા, લઘિમા, વજ્રોદરી, વરુણી, ઐશાની, વિજયા, જયા, વારાહી, કૌબેરી, યોગેશ્વરી, ચાન્ડાલી, મદનાસની, શંકરી, બહુરૂપા, સિંહવાહિની સર્વકામા.

જિનસેન-વિરચિત 'હરિવંશ' (ઈ.સ. ૭૮૩-૮૪) માં એમ વર્ણન મળે છે કે, નીચેની મહાવિદ્યાઓ, વિદ્યાધરોનાં સોળ કુળની મહાવિદ્યાઓ હતી અને તે સર્વ વિદ્યાઓમાં પ્રધાન સ્થાન ભોગવતી હતી:

પ્રજ્ઞપ્તિ, રોહિણી, અંગારિણી, મહાગૌરી, ગૌરી, મહાશ્વેતા, માયૂરી, આર્ય-કુષ્માંડદેવી, અચ્યુતા, આર્યવતી, ગાન્ધારી, નિર્વૃત્તિ, ભદ્રકાલી, મહાકાલી, કાલી, કાલમુખી.

'વર્ણક-સમુચ્ચય, ભાગ ૧'માં નીચે દર્શાવેલી જાદુઈ વિદ્યાઓની યાદી મળે છે:૨૫૮

આકાશગામિની, અજરામરા, અવલોકિની, આગ્નેયી, કામગામિની, કામશામિની, કૌબેરી, કૌમારી, ખગરૂપિણી, ગરુડવાહિની, ગિરિદારણી, ગૌહિની, જલસ્તંભિની, નાગરૂપિણી, દારુણી, બલમથની, બંધિની, ભાસ્કરી, ભુજંગિની, ભુવનક્ષોભિણી, મદનસેના, ~~મનઃસ્ત~~ મનઃસ્તંભિની, વર્ણિણી, વાગેશ્વરી, વાયવી, વારુણી, વિદ્યાવધારિણી, વિજયા, શંકરી, સંસાધિની, સિદ્ધાવી, સુરધ્વંસની, સૌદામિની આદિ.

આ વિદ્યાઓનું મૂળ તો સાંખ્ય અને યોગની પરંપરા (કે જે વેદકાળ કરતાં પ્રાચીન છે.) માં છે. અથર્વવેદમાં જાદુઈ વિદ્યાઓના મૂળરૂપ અભિચાર મંત્રો સારા પ્રમાણમાં મળે છે. પાતંજલિનું 'યોગસૂત્ર' (ઈસ્વી સનની પહેલી શતાબ્દી આસપાસ) એ તો પ્રમાણમાં, એ વિષય પરનો ઘણો પાછળનો ગ્રન્થ છે. તેના પહેલાં પણ યોગશાસ્ત્ર પર એક ગ્રન્થ રચાયાનો શ્રીમદ્ શંકરાચાર્યે ઉલ્લેખ કર્યો છે. એટલું જ નહિ પણ

૨૫૮ સાંડેસરા (ડૉ.) ભોગીલાલ જ. (સંપાદક), 'વર્ણક-સમુચ્ચય, ભાગ ૧', પૃ. ૪૪

વેદ, પુરાણ, મહાકાવ્યો આદિ સાહિત્યમાં સાંખ્ય અને યોગની પરંપરાનું પ્રતિબિંબ અનેક સ્થળે જોઈ શકાય છે. રામાયણમાં, રાવણ, ઇન્દ્રજિત વગેરે સિદ્ધવિદ્યાઓના જાણકાર હોવાનાં વર્ણન છે. મહાભારતમાં, દડાની રમત રમતા પાંડવકૌરવોનો દડો કુવામાં પડી ગયો ત્યારે પોતાની વિદ્યાના બળથી દ્રોણાચાર્યે તે કાઢી આપ્યો હતો. અસુરોથી ત્રાસેલા દેવોએ, બૃહસ્પતિને તેઓના પુત્ર કચને અસુરોના ગુરુ શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા શીખવા મોકલવા કહ્યું, એ પ્રસંગ જાણીતો છે. 'યોગસૂત્ર'માં પતંજલિએ અષ્ટ મહાસિદ્ધિ કહી છે તે આઠ મુખ્ય મહાવિદ્યાઓ છે. મોરિસ બ્લુમફિલ્ડે તે અષ્ટ મહાસિદ્ધિ આ પ્રમાણે દર્શાવી છે:૨૪૯

In the later Yoga scriptures, the supernormal powers are systematized as the 8 mahāsiddhi (great powers): (1) to render one's self infinitely small or invisible; (2, 3) assumption of levitation and gravitation; (4) power to extend one's self, so as e.g. to be able to touch the moon with one's finger tip; (5) irresistible fulfilment of wishes; (6) complete control over the body and the 9 organs; (7, 8) power to alter the course of nature; power of transfer at will.

'યોગસૂત્ર'માં વર્ણવેલી વિદ્યાઓનો ઉલ્લેખ કરી બ્લુમફિલ્ડ કહે છે:૨૫૦

The Yoga philosophy teaches, on the way to ultimate salvation, many ascetic practices which confer

૨૪૯. Bloomfield, M., Op. cit., pp. 1-43.
૨૫૦. Ibid, p. 1.

supernormal powers. Thus, the third book of the prime authority on this philosophy, the 'Yoga-Sūtras' of Patañjali, gives an account of these vibhutis, or powers. They cover a large part of all imaginable magic arts, or tricks, as we should call them: knowledge of the past and future; knowledge of the cries of all living beings (animal language); mind-reading; indiscernibility of the Yogin's body; knowledge of the time of one's death; knowledge of the subtle and the concealed and the obscure; knowledge of the cosmic spaces, the arrangements and movements of the stars; cesation of hunger and thirst; motionlessness; the sight of the supernatural Siddhas roving in the spaces between the sky and the earth; discernment of all; knowledge of one's mind, mind-stuff and of self; supernormal senses of hearing, feeling, sight, taste and smell; penetration of one's mind-stuff into the body of another; non-adherence of water, mud, thorns etc.; levitation (floating in the air); supugation of elements; perfection of the body; subjugation of the organs; authority over all states of existence; Omniscience; and finally, as a result of passionlessness or disregard of all these perfections, the isolation or concentration that leads

up to final emancipation or salvation.

યોગદર્શનમાંથી ફૂટેલી, બૌદ્ધ વજ્રયાન પંથની તાન્ત્રિક પરંપરાએ પણ 'પંચદંડ', 'વેતાલપચ્ચીસી' અને 'સિંહાસનબત્રીસી'ની વાર્તાઓના ઘડતરમાં મહત્વનો ભાગ ભજવ્યો હોય એવો સંભવ છે. આ તાન્ત્રિક પરંપરામાં ચોર્યાશી સિદ્ધયોગીઓ થઈ ગયા, જેમાંના લુઇપા, શબરપા, સરહપા, મીનપા, ગોરક્ષપા, વીણાપા, નાગાર્જુન, ચૌરંગીનાથ, ચામરીનાથ, કાન્હ, જાલંધર, ચર્પટી, ભર્તૃહરિ આદિ મુખ્ય છે. આ સિદ્ધયોગીઓને, બૌદ્ધતન્ત્રોમાં 'સિદ્ધાચાર્યો' તરીકે ઓળખાવવામાં આવ્યા છે, જ્યારે શૈવ યોગીઓને 'નાથયોગીઓ' કહ્યા છે. ડૉ. ધર્મવીર ભારતી આ વિષયમાં જણાવે છે કે,[૨૬૧]

'सिद्ध-साहित्य' से हमारा तात्पर्य वज्रयानी परम्परा के उन सिद्धाचार्यों के साहित्य से है जो अपभ्रंश दोहों तथा चर्यापदों के रूप में उपलब्ध हैं और जिसमें बौद्ध तान्त्रिक सिद्धान्तों को मान्यता दी गई है। यद्यपि उन्हीं के समकालीन शैव नाथयोगियों को भी सिद्ध कहा जाता था। किन्तु कतिपय कारणों से हिन्दी तथा अन्य कई प्रान्तीय भाषाओं में शैव योगियों के लिये 'नाथ' तथा बौद्ध तान्त्रिकों के लिये 'सिद्ध' शब्द प्रचलित हो गया।

બૌદ્ધ ધર્મમાં, મન્ત્રયાન પછી ઉદ્ભવેલા વજ્રયાન સંપ્રદાય દ્વારા બૌદ્ધ તન્ત્રો અને સિદ્ધયોગીઓની પરંપરા પ્રચલિત થઈ. પ્રખર વિદ્વાન શ્રી રાહુલ સાંકૃત્યાયન[૨૬૨], મંત્રયાનનો સમય ઈ.સ. ૪૦૦-૭૦૦ અને વજ્રયાનનો સમય ઈ.સ. ૮૦૦-૧૨૦૦ આપે છે. પણ ડૉ. ધર્મવીર ભારતીએ જુદા જુદા વિદ્વાનોનાં પ્રમાણ ટાંકી, દર્શાવ્યું છે કે, તાન્ત્રિક સાધનાઓ, ઈ.સ. પૂર્વે સાતમા સૈકાથી શરૂ થઈ

૨૬૧. 'सिद्धसाहित्य,' पृ-१६; इलाहाबाद, सन् १९५५

૨૬૨. सांकृत्यायन, राहुल, 'पुरातत्त्व-निबन्धावली,' पृ-१३६

ગઈ હતી. તેઓ જણાવે છે,[२६३]

बौद्ध अनुश्रुतियों में योगाचार सम्प्रदाय से तांत्रिक साधनाओं का उद्भव स्वीकार किया गया है। कहा यह जाता है कि योगाचार के प्रथम आचार्य असंग (४००-५०० ई०) को तुषित नामक स्वर्गमें मैत्रेय नामक बुद्धने इन तन्त्राचारों में प्रथम दीक्षा दी थी। वैडेल की धारणा है कि योगाचार सम्प्रदाय में लगभग ७०० ई० सन् में ऋद्धियों, धारणियों तथा तन्त्राचारों का समावेश हुआ। वैडेल का मत सम्भवतः विण्टरनीत्ज और कर्न के मतों पर अवलम्बित है। योगाचार से मन्त्रयान का घनिष्ठ सम्बन्ध है, यह तो 'साधनमाला' से स्पष्ट है जहाँ एकाधिक बार योगाचार को स्मरण किया गया है। कुची का मत है कि ७०० ई से पहले ही तन्त्रो का विकास हो चुका था क्योंकि महामयूरी, विधारंजनी तथा सुवर्णप्रभा सूत्र आदि कई तान्त्रिक बौद्ध ग्रन्थो का अनुवाद पाँचवीं शती में ही हो चीनी भाषा में हो चुका था।

આ જોતાં, બૌદ્ધ તાન્ત્રિક પરંપરા અતિ પ્રાચીન છે. આ પરંપરામાં જે બૌદ્ધ સિદ્ધાચાર્યો થઈ ગયા, તેમના વિષે ડૉ. ધર્મવીર ભારતીએ 'સિદ્ધ-સાહિત્ય'માં સવિસ્તર માહિતી આપી છે, જ્યારે શૈવપંથી નાથયોગીઓ વિષે, શ્રી. હજારીપ્રસાદ દ્વિવેદીએ[२६४] 'નાથ-સંપ્રદાય'માં અભ્યાસપૂર્ણ ચર્ચા કરી છે. ઈ.સ. ૧૨૦૦-૧૨૫૦ આસપાસના રચનાકાળવાળી, નાથયોગીઓની ડભોઈમાં આવેલા મૂર્તિઓનો પરિચય અને વિવરણ કરતાં, ડૉ. ઉમાકાન્ત પી. શાહે નાથ-સંપ્રદાય પર સારા પ્રમાણમાં પ્રકાશ

२६३ भारती, (डॉ.) धर्मवीर, 'सिद्ध-साहित्य', पृ. १३७

२६४ 'नाथ-सम्प्रदाय', इलाहाबाद, १९५०

નાખ્યો છે.[૨૬૫]

'પંચદંડ'ના વાર્તાચક્રમાં, વિદ્યાધરના સ્વરૂપમાં આગળ સમજાવતો વિક્રમ, ઉપર્યુક્ત સિદ્ધયોગીઓની પશ્ચાદ્ભૂમાં સારી રીતે ઓળખાઈ આવે છે. વિક્રમ ઉપરાંત, વેતાલ, દમની, દેવદમની, રત્નમંજરી, કોચી કંદોયણ, ઉમાદે, ગોમતી, હરાલિકા, જયન્તુ, નાગકન્યાં, માનવભક્ષી રાક્ષસ — આ સર્વ ભિન્ન પાત્રો એક યા બીજી સિદ્ધવિદ્યા જાણતાં હોય, એ રીતે આપણી સમક્ષ આવે છે.

હલકી ગણાતી જાતિમાંથી પણ કોઈ સ્ત્રી કે પુરુષો સિદ્ધવિદ્યા પ્રાપ્ત કરતાં હતાં, એમ 'Mystic Tales of Lāmā Tāranātha'[૨૬૬]ના પુસ્તકમાંથી ફલિત થાય છે. આ પુસ્તક મહાયાન બૌદ્ધ પંથના ધાર્મિક અને સામાજિક અંશો પર પ્રકાશ ફેંકે છે. તેમાં કેટલાક બૌદ્ધ અને બૌદ્ધેતર સિદ્ધયોગીઓના જીવનપ્રસંગો ગૂંથવામાં આવ્યા છે. આ પુસ્તકના Inspiration IV માં, વિલાસવજ્રા નામની કલાલણ યોગિની થઈ ગઈ, તેના જીવનના કેટલાક પ્રસંગો આપ્યા છે; (પૃ-૨૨-૨૩). જાલંધરી નામના યોગી સિંધના ઠઠ્ઠા નગરના વતની હતા; તેઓ ભારા વર્ગમાં જન્મેલા હતા; (પૃ-૨૬). પ્રસિદ્ધ સિદ્ધયોગી મત્સ્યેન્દ્રનાથ માછીપુત્ર હતા. શ્રી ડોમ્બિ નામે યોગી ભરવાડ હતા; (પૃ-૪૫). આમ, ડૉ. ધર્મવીર ભારતીએ જે ૮૪ સિદ્ધયોગીઓ ગણાવ્યા છે, તેમાંના ઘણા તો પછાત વર્ગના છે. 'Mystic Tales of Tāranātha'માં, પછાત વર્ગની કેટલીક સ્ત્રીઓ યોગિનીઓ થઈ ગઈ, એ પ્રકારનાં કથન નોંધપાત્ર છે. ગાંછા (વાંસફોડા) જાતિની દમની અને દેવદમની સિદ્ધવિદ્યાનાં જાણકાર હતાં, એ ઉપર્યુક્ત પછાત વર્ગમાં થઈ ગયેલી યોગિનીઓની પરંપરા સાથે સામ્ય ધરાવે છે.

---

૨૬૫. शाह, (डॉ.) उमाकान्त पी., 'नाथ सिद्धों की प्राचीन शिल्प मूर्तियाँ,' लेख प्रसिद्ध हुआ, 'नागरी प्रचारिणी पत्रिका,' वर्ष ६२, संवत् २०१४, अंक २-३, पृ-१९४-२०२

२६६ Lāmā Tāranātha, 'Mystic Tales of Lāmā Tāranātha,' translated into English by Shri Bhupendranath Datta, 1957.

'વસુદેવ-હિંડી'માં 'વંશાલતા' અને જિનસેનકૃત 'હરિવંશ'માં નામથી ઓળખાયેલ, સોળ વિદ્યાધરકુલ પૈકીનું એક, તે વાંસફોડા જાતિ સાથે કંઈ સંબંધ ધરાવતું હશે કે કેમ તે વિચારવા જેવું છે. આ 'વંશાલયા' વિદ્યાધરોનું મૂર્તિવિજ્ઞાન-વિષયક વર્ણન (Iconographical description) 'હરિવંશ'માંથી ડૉ. ઉમાકાન્ત પ્ર. શાહે નીચે પ્રમાણે આપ્યું છે:[૨૬૭]

'---- the Vaṁśālaya wear garlands made of flowers of all seasons and are adorned with crests of bamboo-leaves.-----'

સિદ્ધવિદ્યા, તંત્રવિદ્યા આદિની સાથે સંકળાયેલી રસવિદ્યા (Alchemy)-ની અસર પણ 'વાંસફોડ' પર વરતાય છે. ખરું જોતાં તો ઘણા પ્રાચીન સમયથી તાન્ત્રિકો અને સિદ્ધયોગીઓ રસવિદ્યા જાણતા હતા, એવા ઉલ્લેખ છે. અથર્વવેદમાં, જેમ અભિચાર મન્ત્રો અને અન્ય તાન્ત્રિક ક્રિયાઓનું નિરૂપણ છે તેમ જુદી જુદી ઔષધિ, ગુટિકા આદિનું વિવરણ પણ છે. રસાયણવિદ્યાના સમર્થ અભ્યાસી આચાર્ય પ્રફુલ્લચન્દ્ર રે કહે છે:[૨૬૮]

'Thus we find that the alchemical notions gathered round gold, lead, soma juice and other medicinal plants as early as the age of Atharvaveda in India. And as the Vedas, the sacred scriptures of the ancient Hindus enjoyed a very high canonical sanctity and were viewed more as revelations than as human compositions, there is no wonder that medicine and, for

૨૬૭. Shah, (Dr.) U. P., Op. cit., p. 119

૨૬૮. Ray, (Acharya) Prafulla Chandra, 'History of Chemistry in Ancient and Medieval India', p. 38

that matter, chemical knowledge as well in ancient India have seldom been able to shake themselves completely free from the influence of magic, religion and alchemy as auxiliaries. For, Chemistry in ancient India, possibly more so in Europe, was evolved chiefly as a handmaid of medicine and, somewhat later on, as adjunct of the Tantric cult. The efficacy of the drug alone was by no means considered sufficient unless backed by the kindly interpretation of the deities."

વિદ્યાધરો, સિદ્ધવિદ્યા, બૌદ્ધ તંત્રો અને સિદ્ધયોગીઓની પરંપરા સાથે સંકળાયેલી જાદુઈ દંડની પરંપરા 'પંચદંડ'ના વાર્તાચક્રમાં વ્યાપક રીતે ગૂંથાયેલી છે. 'પંચદંડ'નું શાબ્દિક કેટલીક કૃતિઓમાં 'पञ्चदण्डातपत्रछत्र' અથવા 'पञ्चदण्डछत्र' આપેલું છે. ઘણા પ્રાચીન સમયથી 'દંડ' શબ્દ, શક્તિના પ્રતીક તરીકે પ્રચલિત થયો છે, એ આપણે જોયું. આ વાર્તાચક્રમાં, 'દંડ' એ 'જાદુઈ દંડ'ના અર્થમાં વપરાયો છે. જાદુઈ શક્તિ, સિદ્ધવિદ્યા ધરાવનાર જ આ પૃથ્વી પર ચક્રવર્તી થઈ શકે; અને મહાન રાજાઓ પણ એ જાદુઈ શક્તિ અને સિદ્ધવિદ્યા આગળ લાચાર બની જાય છે, એમ 'પંચદંડ' દ્વારા ફલિત થતું લાગે છે. દમની જેવી સામાન્ય વાંસફોડાની સ્ત્રી, વિક્રમ જેવા સમર્થ સમ્રાટને પણ પોતાની વિદ્યાના પ્રભાવથી મહાત કરે છે. વિક્રમ તેના આદેશ અનુસાર જાદુઈ દંડ (સિદ્ધ-વિદ્યાઓ) પ્રાપ્ત કરે છે, ત્યારે જ અંતે તે દિવ્ય સિંહાસન અને છત્ર પ્રાપ્ત કરી શકે છે.

પ્રાચીન વૈદિક કાળથી, રાજાનો વહીવટ ચલાવવા માટે જે જે વહીવટ-દારો અને વ્યક્તિઓ મહત્ત્વપૂર્ણ હતા તેને 'रत्निन्' કહેતા એ અગાઉ

દર્શાવ્યું છે, (જુઓ આ મહાનિબંધનું પ્રકરણ ૪, 'વાર્તિકોનાં ઘટકતત્ત્વો'). વૈદિક કાળમાં, રાજાનો અભિષેક થવાનો ત્યારે રાજાએ અગિયાર રત્નિનને હવિ આપવાનો હોય છે, એમ પ્રો. કે.પી. જયસ્વાલે કહ્યું છે. રત્નિન વિશે તેઓ કહે છે:૨૬૯

'The Ratnins are a development of the Vedic 'bestowers of the (Palāśa) mani'. The latter were the 'king-makers' (राजकृतः = the ministers), the Sūta, the head of the village community, the builders of chariots, and the skilful in metals, 'surrounded by the folk.'

વૈદિક પરંપરાના અગિયાર રત્નિન, જૈન પરંપરામાં ચક્રવર્તીનાં ચૌદ રત્નો તરીકે 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'૨૭૦ અને અન્ય જૈન પૌરાણિક સાહિત્યમાં ઉલ્લેખ પામ્યાં છે. ચક્રવર્તીનાં ચૌદ રત્નોમાંથી 'પંચદંડ' વાર્તિકના દંડની કલ્પના વિકસી હોય એવો સંભવ છે, કારણ કે, ચૌદ રત્નો પૈકીનું 'દંડરત્ન' એ 'પંચદંડ'ના 'રત્નદંડ' સાથે અને 'મણિરત્ન' એ 'મણિદંડ' સાથે સામ્ય ધરાવે છે એની ચર્ચા મેં 'પંચદંડ'ની વાર્તાનું પ્રાચીન સ્વરૂપ અને તેનાં સ્વરૂપાન્તરો, પ્રકરણ ૩'માં કરી છે. 'દંડરત્ન'નો ઉલ્લેખ તો પાંચમા શતકમાં રચાયેલા 'વસુદેવ-હિંડી'માં મળે છે.

રાજા ચક્રવર્તી થઈ શક્યા તો ધર્મપ્રવર્તકો 'ધર્મચક્રી' થયા; અને બુદ્ધ અને મહાવીર, અનુક્રમે બૌદ્ધ અને જૈન પરંપરામાં ધર્મચક્રીઓના

---

૨૬૯. Jayaswal, K.P., 'Hindu Polity', Part-II, pp. 15-20

૨૭૦. આચાર્ય હેમચન્દ્રાચાર્ય, 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર', પર્વ ૧લું, ૨જું, પૃ. ૩૪૩

બિરુદથી ઓળખાવા લાગ્યા; પ્રાચીન શિલ્પોમાં પણ ધર્મના પ્રતીક તરીકે ચક્ર વારંવાર આવે છે. અજ્ઞાત ગુજરાતી ગદ્યકાર-વિરચિત 'પંચદંડકથા'-માં, હસ્તપ્રતના પાન 1-A પર, 'પંચદંડ'માં ચક્રવર્તીની ભાવનાનું આરોપણ કરતો આરંભનો શ્લોક મળે છે:

हरिश्चंद्रो नलो राजा पुरुकुत्थ पुरूरवा ।
सगरः कार्त्तवीर्यश्च षडैते चक्रवर्त्तिनः ॥१॥

પૂર્ણચન્દ્રસૂરિકૃત 'विक्रमादित्यस्य पञ्चदण्डप्रबन्धः'ની પુષ્પિકામાં પણ, પાંચ અદ્ભુત દંડના વિજેતા વિક્રમને ચક્રવર્તીઓ સાથે સરખાવ્યો છે:

तैर्दण्डैः रत्नैः कृत्वा पञ्चदण्डछत्रं महाश्चर्यकारकं निष्पादितं ।---
---- कलियुगे किं हरिश्चन्द्रो मांधाता पुरूरवा नहुषः श्रीरामो युधिष्ठिरस्ते समानः कविभिर्वर्णितः । ------.

પૂર્ણચન્દ્રસૂરિની કૃતિમાં આવતો ~~'દંડરત્ન'~~ 'દંડરત્ન'નો અને અન્ય ચક્રવર્તીઓનો ઉલ્લેખ, આખા વાર્તાચક્રમાં ચક્રવર્તીના રૂપકને સમજવામાં સહાયરૂપ થાય છે.

વૈદિક અને જૈન પરંપરા અનુસાર ચક્રવર્તી વિશે આગાઉ કંઈક વિગતવાર ઉલ્લેખ કર્યો છે, અને તે સાથે ધર્મચક્રનો સંબંધ બતાવ્યો છે એ જ રીતે, બૌદ્ધતન્ત્રો અને સિદ્ધયોગીઓની અસરથી 'સિદ્ધચક્ર'ની ભાવના વિકસી હોય એ અશક્ય નથી. એટલે 'સિદ્ધચક્ર' અને 'રાજચક્ર'ની ભાવનાઓના સમન્વયમાંથી વિક્રમનું પાત્ર નિરૂપિત થયું હોય એ શક્ય છે. ચક્રવર્તીપદ પ્રાપ્ત કરવામાં મદદરૂપ તત્ત્વો પાંચ અદ્ભુત દંડમાં રૂપાંતર પામે છે. 'રત્ન'માં અદ્ભુત અદ્ભુત શક્તિનું આરોપણ 'વસુદેવહિંડી' અને 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'માં મળે છે. એટલે 'પંચદંડ' વાર્તાચક્રમાં, પાંચ અદ્ભુત દંડ એ ચક્રવર્તીપદ પ્રાપ્ત કરવામાં સહાયભૂત થતી શક્તિઓ છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. પણ આ દંડ અગિયાર નહિ, ચૌદ નહિ અને પાંચ કેમ? રાજાના અભિષેક માટે 'पञ्चदिव्याधिवास — ગજ, અશ્વ, કલશ, ચામર અને છત્ર — એ પાંચ દિવ્ય

અધિવાસ, કથાઓમાં ગણાવ્યાં છે. તેની સાથે 'પંચદંડ'ની પાંચ સંખ્યાનો મેળ બેસે છે. કોઈ વ્યક્તિને રાજપદ અર્પવાને માટે ઉપર્યુક્ત દિવ્યો ઈશ્વર-ની આજ્ઞા પ્રમાણે જાણે વર્તતાં હોય તેમ તે વ્યક્તિને રાજ્યાભિષેક માટે પસંદ કરે છે. આ સંબંધી, પ્રો. મોરિસ બ્લૂમફિલ્ડે 'The Life and Stories of the Jaina Savior Pārśvanātha'માં, 'Story of the chaste royal pair Sundar and Madanavallabha,' અને 'The adventures of Princes Amarsena and Varasena,'ની વાર્તાઓ આપી છે.[૨૩૧] ઉપર્યુક્ત વાર્તાઓમાં, વ્યક્તિને રાજપદ માટે પસંદ કરતાં પાંચ દિવ્યો – ઘોડો ખોંખારો કરે છે, હાથી ગર્જના કરે છે, કલશ આપોઆપ વ્યક્તિના શિર પર પાણીનો અભિષેક કરે છે, રાજછત્ર તેના પર શોભવા લાગે છે, અને ચામર પવન ઢાળે છે.

આ ચર્ચાના અન્તે એમ કહી શકાય કે, 'પંચદંડછત્ર' એ વાર્તાક્રમાં ચક્રવર્તીપદ તેમ જ રાજપદ પ્રાપ્ત કરવામાં અને એકચક્રી રાજ્ય ચલાવવામાં સહાયભૂત થતાં, રાજ્યનાં જુદાં જુદાં અંગ સમા સૈન્યનું અને દંડનો આદિની પ્રાચીન પરંપરા, અદ્‌ભુત જાદુઈ સ્વાંગમાં સચવાઈ રહેલી જણાય છે.

સ્વ. કેશવ હર્ષદ ધ્રુવ 'પંચદંડ'ને એક મહારૂપક કહી, તેની સમજૂતિ નીચે પ્રમાણે આપે છે:

"ચામ દંડ એટલે સેનાનું બલ. વિક્રમ એટલે પરાક્રમીપણું, છત્ર એટલે છત્રપતિપણું. રાજા વિક્રમ એટલે પરાક્રમની મૂર્તિ જોઈએ. તેનો દંડ એટલે સુભટસમૂહ ઊડીને ઘાવો મારે એવો, કોઈથી ઝલાય નહીં એવો, ભયને ગણ ન કરે એવો, શત્રુના છિદ્રનો આબાદ લાભ લે એવો અને દુશ્મન પર પ્રતાપ પડે એવો જોઈએ. વિશેષ કરીને સંગ્રામમાં તે દુશ્મન સામે અણીના ભાલાની પેઠે અડગ ઊભો રહે એવો જોઈએ.

૨૩૧. Bloomfield M., 'The Life and Stories of the Jaina Savior Pārśvanātha', pp. 63-67; 145-151.

આમ બહુ-રંગી સોનાના-દંડોના- પાયા ઉપર વાર્તાના મંદિરનું સ્વરૂપ મહારૂપક ઉપર રચાયું છે."[૨૩૨]

સ્વ. કે. હ. ધ્રુવે 'પંચદંડ છત્ર' એ શીર્ષક અને પાંચ દંડનાં જુદાં જુદાં નામને સ્થૂલ રીતે ઘટાવી, આખા રૂપકને સમજાવવા જે પ્રયત્ન કર્યો છે, તે ઉપર્યુક્ત ચર્ચાના પ્રકાશમાં ફેર-વિચારણા માગી લે છે. 'દંડ'ની જે પ્રણાલિકાની મેં ચર્ચા કરી છે તે અર્થમાં પ્રત્યેક દંડ એટલે રાજ-વ્યવસ્થાનું એક વિશિષ્ટ અંગ; અને આખું વાર્તાચક્ર ચક્રવર્તીપદ પ્રાપ્ત કરવાના પ્રચંડ પ્રયત્નને મૂર્ત કરે છે.

'પંચદંડ'માં વિક્રમને, નામાલિખિત અથવા પાછળથી તેનું રૂપાંતર થતાં ખંભાતના રાજકુંવરી રત્નમંજરીની વાર્તામાં, ધૂર્ત, દ્યૂતકાર અને કૂટકલાદક્ષ તરીકે નિરૂપવામાં આવ્યો છે. દેવમૂર્તિ ઉપાધ્યાયે તેને 'अथ कूटकलादक्षो मालवेन्द्रो महाबलः' કહ્યો છે. પૂર્ણિમાગચ્છીય

૨૩૨. ધ્રુવ, કેશવ હ.: 'પંચદંડની વાર્તાઓના આંતરપ્રવાહોમાં', આ વ્યાખ્યાનનો સાર પ્રસિદ્ધ થયો 'બુદ્ધિપ્રકાશ'માં, પુસ્તક ૭૮મું, અંક ૧લો, જાન્યુઆરી ૧૯૩૧, પૃ. ૧-૧૧.

સ્વ. શ્રી. શંકરપ્રસાદ રાવળ કે જેઓએ ઉપર્યુક્ત વ્યાખ્યાનનો સાર નોંધેલો, તેઓ લખે છે:

'"પંચદંડ" એ વિષય ઉપર ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી દી. બ. કેશવલાલ હ. ધ્રુવે તા. ૨૮મી સપ્ટે. ૧૯૩૦ ને રવિવારે સાંજના ૬ વાગે પ્રેમાભાઈ હોલમાં એક જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. આપણાં પ્રાચીન અને અર્વાચીન સાહિત્યોના પ્રવાહો નીચે વહી રહેલા આંતરપ્રવાહોના દી. બ. ધ્રુવ સાહેબ એક સૂક્ષ્મ પરીક્ષક અને સમર્થ પંડિત છે. .... આ વ્યાખ્યાનના વિષયમાં આપણા સાહિત્યરસિકોને કંઈક રસ પડશે એમ ધારી તે પ્રસંગે ઝીલેલા વ્યાખ્યાનના સંસ્કારો મેં આ લેખમાં કંઈક વિસ્તૃતતા સાથે રજૂ કરવા પ્રયાસ કર્યો છે.'

રામચન્દ્રસૂરિની કૃતિમાં, વિક્રમનું પાત્ર વધુ સ્પષ્ટ થાય છે. વિક્રમ જ્યારે રત્નમંજરીનું હરણ કરવા તેમ જ તેની રત્નોની પેટી ચોરી લાવવા, તેના મહેલમાં જાય છે, ત્યારે ઉજ્જયિનીથી દેવદમનીનો પોપટ પત્ર લઈ રત્નમંજરી પાસે આવે છે. પત્રમાં દેવદમની વિક્રમને 'ધૂર્તરાજરાટ્' તરીકે ઓળખાવે છે:

सखि कदापि कस्याग्रे न कथ्यं पत्रवृत्तकं ।
विक्रमार्को न जानाति यथासौ धूर्त्तराजराट् ॥९९॥

x x x x

अनेन चिह्नमात्रेण त्वया ज्ञेयो नराधिपः ।
स सर्वभाषाचतुरश्चित्रपाक् चित्ररूपभृत् ॥१०२॥

—પ્રસ્તાવ ત્રીજો

વિક્રમ ધૂર્તવિદ્યામાં પ્રવીણ છે અને સાથે જુગારી પણ છે. એટલું જ નહિ પણ તે શબ્દવેધી બાણથી સિંહને મારી, રત્નમંજરીને પોતાના પરાક્રમની પ્રતીતિ કરાવે છે.

ઉપર્યુક્ત 'પંચદંડ'ના વસ્તુગુંફન પર, પ્રાચીન ભારતીય સાહિત્યમાં 'ચોરશાસ્ત્ર'ના પ્રણેતા તરીકે પ્રસિદ્ધ મૂલદેવનાં કથાનકોની અસર વરતાય છે. વિક્રમ-વિષયક વાર્તાઓમાં, 'વિક્રમ અને ખાપરો ચોર' એ વાર્તા 'કથાસરિત્સાગર'માંની[૨૭૩] 'ઘટ અને કર્પર' નામના બે ચોરની વાતનું રૂપાન્તર છે. કવિ ઉદયભાણ રચિત 'વિક્રમચરિત્ર રાસ'[૨૭૪] અને મંગલમાણિક્યકૃત 'રાજા વિક્રમ અને ખાપરો ચોર', આ બે કૃતિઓ પર

૨૭૩. Tawney and Penzer, Op. cit. Vol. V, pp. 142-152.

૨૭૪. ઠાકોર, બ.ક. (સંપાદિત), ઉદયભાણ-વિરચિત 'વિક્રમચરિત્ર રાસ'.

ઉપર્યુક્ત 'હાટ અને કર્ણિ'ની વાર્તાની અસર સ્પષ્ટ જણાય છે. ઉદયભાણ અને મંગલમાણિક્યની કૃતિઓ સોળમા શતકની છે, એટલે પંદરમા શતકમાં રચાયેલી 'પંચદંડ' વિષયક સંસ્કૃત કૃતિઓ કે જેમાં વિક્રમના ધૂર્તપણાનું આલેખન મળે છે તે તે 'કથાસરિત્સાગર'ની વાર્તાથી પ્રભાવિત થઈ હોય એ બનવા જોગ છે. વળી, જેમાં મૂલદેવનાં સાહસ અને પરાક્રમ વર્ણવ્યાં છે, એવી 'કથાસરિત્સાગર'માં અન્તર્ગત 'વેતાલની વાર્તાઓ'માંની એક વાર્તા છે.[૨૦૪] આ વાર્તામાં ધૂર્ત મૂલદેવ સિદ્ધગુટિકા મુખમાં રાખીને સ્વરૂપપરિવર્તન કરી શકે છે. 'પંચદંડ'ની 'પ્રધાનની પુત્રવધૂ' એ વાર્તામાં, પુત્રવધૂ સિદ્ધગુટિકાના પ્રભાવથી સ્ત્રીમાંથી પુરુષ થઈ જાય છે.

અજ્ઞાત ગુજરાતી ગદ્યકારકૃત 'પંચદંડકથા'માં, 'પંચદંડ'ની અન્ય કૃતિઓમાં નહિ મળતી એવી ધૂર્ત-વિષયક ઉપકથાઓ મળે છે. આ કૃતિની શરૂઆતમાં, એક ચોર પરકાયાપ્રવેશ-વિદ્યા શીખી લાવી, રાજા ભોજને છેતરે છે. તેની ચોથી વાર્તા 'પ્રધાનની પુત્રવધૂ'માં ધૂર્તવિદ્યાના પ્રતીકરૂપ બે આડકથાઓ મળે છે. 'શ્રીરાજ અને હંસાવલી'ની વાર્તામાં, દંપતી એકબીજાને મહાત કરવાની પ્રતિજ્ઞા લે છે. શ્રીરાજ હંસાવલીને અધવચ્ચે બેટમાં મૂકી જવાની પ્રતિજ્ઞા કરે છે, જ્યારે હંસાવલી શ્રીરાજને દોરડે બાંધી આસડાં મારવાની પ્રતિજ્ઞા કરે છે. બન્ને એકબીજાને છેતરી, પોતપોતાની પ્રતિજ્ઞાનું પાલન કરવાનો આંતરિક આનંદ લે છે. પણ જ્યારે બન્ને મળે છે અને રહસ્યનો ઘટસ્ફોટ થાય છે, ત્યારે દંપતી આશ્ચર્ય પામે છે. 'ધૂર્તનગર'ની ઉપવાર્તામાં, સુંદર શેઠની પુત્રી અને ગુણસાગર સાહનો પુત્ર, પરણ્યા પહેલાં લડી પડી પ્રતિજ્ઞા કરે છે. ગુણ-

૨૦૪. Tawney and Penzer, Op. cit., Vol-VII, pp. 40-48

સાગરના પુત્રે પ્રતિજ્ઞા કરી કે, 'હું તને માણી ભરી થાળ ખવાડું તો સાહનો પુત્ર'; સુંદર શેઠની પુત્રીએ સામું પણ લીધું કે, 'હું તને માથે પલંગ વહાવું તો સાહની પુત્રી.' પતિ, પત્નીને ઘરના ભોંયરામાં પૂરી, દાસીને દરરોજ તેને એક માણી થાળ ભોજન તરીકે આપવાનું સૂચન કરી, વહાણોમાં માલ ભરી, પરદેશ કમાવા ચાલ્યો. તે વહાણો સાથે ધૂર્તનગર કુટિલપુર પાટણમાં આવી પહોંચ્યો. ('વસુદેવ-હિંડી'માં ચોરનાં નગર 'ચોરપલ્લી'ના ઉલ્લેખ મળે છે. ત્યાંના ચોર વ્યાવસાયિક રીતે ચોરી કરવાનું કામ કરતા હતા.)[૨૭૬] ત્યાંના ચોર લોકોએ ચતુરાઈ અને ચાતુરાઈથી સાહપુત્રનાં વહાણોનો માલ પડાવી લેવા પ્રયત્ન કર્યો; પણ એક વેશ્યાએ આવી, સાહપુત્ર એક ગાથાનો અર્થ નહિ કહી શકવાથી, તેનાં વહાણ લૂંટી લેવડાવ્યાં અને તેને ગુલામ કરી રાખ્યો. તેની પત્નીને ખબર પડતાં, તેણે પુરુષવેશ ધારણ કરી પતિને છોડાવ્યો.

આમ, વિક્રમ-વિષયક વાર્તાઓ પર, મૂલદેવનાં સાહસોની સારા પ્રમાણમાં અસર છે. 'કથાસરિત્સાગર'માં જેનો ઉલ્લેખ થયો છે તે 'ઘટ અને કર્પર'ની વાર્તાના તુલનાત્મક અધ્યયનમાં, પ્રો. પેન્ઝરે એમ દર્શાવ્યું છે કે,[૨૭૭] 'કથાસરિત્-સાગર' કે જે ગુણાઢ્યની 'બૃહત્કથા'નું રૂપાંતર છે તેમાં સ્થાન પામેલી તે વાર્તા ઈ.સ. પૂર્વે પહેલી કે બીજી સદીની ગણી શકાય. તે જ નિબંધમાં ચર્ચા કરતાં તેઓ જણાવે છે કે, તે વાર્તાનું મૂળ સ્વરૂપ ઇજિપ્તમાં નીપજ્યું હશે અને ત્યાંથી ઈ.સ. પૂર્વે સાતમી સદીમાં તે ગ્રીસમાં જાણીતી થઈ. ઈ.સ.

---

૨૭૬. સાંડેસરા, (ડૉ.) ભો. જ., 'વસુદેવ-હિંડી', પ્ર. ૪૮-૫૩; ૫૮-૫૯

૨૭૭. Penzer, N.M., 'Poison-Damsels and Other essays'; the essay on 'The Tale of the two Thieves', pp. 75-128.

પૂર્વે ચોથી સદીના અરસામાં હીરોડોટસે આખા ગ્રીસમાં એ વાર્તા લોકપ્રિય બનાવી. ટોલેમીના સમયમાં, ઈ.સ. પૂર્વે બીજી કે ત્રીજી સદીમાં આ વાર્તા મિસર અને ભારત વચ્ચેના વેપારી સંબંધોના કારણે, ભારતમાં આવી અને ગુણાઢ્યની 'બૃહત્કથા'માં સ્થાન પામી. આ વાર્તા આશરે ૨૫૦૦ વર્ષ પ્રાચીન છે, એવો પ્રો. પેન્ઝરનો મત છે.

ગુણાઢ્યની 'બૃહત્કથા'માં મૂલદેવનાં પરાક્રમની વાર્તા અને 'ઘટ અને કર્પર'ની વાર્તાનો ઉલ્લેખ હોવા જોઈએ, કારણ કે, તેના રૂપાંતર 'કથાસરિત્-સાગર'માં બન્ને વાર્તાઓ મળે છે. બન્નેના વસ્તુમાં પણ સામ્ય છે. મૂલદેવ વિશે ડૉ. ભોગીલાલ સાંડેસરાએ આ પ્રમાણે નોંધ આપી છે:[૨૭૯]

<u>મૂલદેવ:</u>

એક પ્રસિદ્ધ વિટ અને ધૂર્ત, જે પાછળથી બેન્નાતટ નગરનો રાજા થયો હતો. 'ઉત્તરાધ્યયનસૂત્ર'ની ચૂર્ણિ તથા તે ઉપરની શાન્તિસૂરિ અને નેમિચન્દ્રની વૃત્તિઓમાં મૂલદેવનો વૃત્તાન્ત પ્રમાણમાં વિસ્તારથી અને વિગતથી આપેલો છે. ચૂર્ણિ અને શાન્તિસૂરિ અનુસાર, મૂલદેવ ઉજ્જયિનીનો વિટ હતો. (નેમિચન્દ્રના કથન મુજબ, મૂલદેવ પાટલિપુત્રનો રાજકુમાર હતો અને પોતાના પિતાથી રિસાઈને ઉજ્જયિનીમાં આવીને રહ્યો હતો.) તે એક મોટો ધૂતકાર હોવા ઉપરાંત ગીતકલા અને મર્દનકલામાં પણ નિપુણ હતો. ઉજ્જયિનીની એક સુપ્રસિદ્ધ ગણિકા દેવદત્તા તેની સાથે પ્રેમમાં પડી હતી, પરન્તુ ગણિકાની માતા, અચલ નામે બીજા એક ધનિક ~~પક્ષ~~ વણિકનો પક્ષ કરતી હોવાના કારણે, મૂલદેવને ઉજ્જયિની છોડીને ચાલ્યા જવું પડ્યું હતું. પછી એ દક્ષિણમાં આવેલા બેન્નાતટ નગરમાં જઈને રહ્યો. ત્યાં કોઈના ઘરમાં ખાતર પાડતો હતો ત્યારે નગરરક્ષકોએ તેને પકડી લીધો અને વધસ્થાન પર લઈ જવા માંડ્યો. એ દિવસે નગરનો રાજા અપુત્ર

૨૭૯. સાંડેસરા, (ડૉ.) ભો. જ., 'જૈન આગમસાહિત્યમાં ગુજરાત', પૃ. ૧૪૪-૧૪૯

મરણ પામ્યો હતો. મંત્રીઓ નવા રાજાની શોધમાં હતા. એ માટે અધિવાસિત કરેલો અશ્વ મૂલદેવ પાસે આવીને ઊભો. (નેમિચન્દ્રના કથન મુજબ, મૂલદેવને જોઈને હાથીએ ગર્જના કરી, અશ્વે હેષારવ કર્યો, ભૃંગારે અભિષેક કર્યો, ચામરે વીજન કર્યું, અને કમળ તેની પર આવી રહ્યું. એ પ્રમાણે પાંચ દિવ્યો થયાં.) એટલે તેનો રાજા તરીકે અભિષેક થયો. પછી મૂલદેવે ઉજ્જયિનીના રાજા વિક્રમ પર પત્ર લખીને તથા અનેક પ્રકારની ભેટ મોકલીને, દેવદત્તા ગણિકા પોતાને સોંપવાની વિનંતી કરી, અને વિક્રમ રાજાએ દેવદત્તાની ઇચ્છા જાણ્યા પછી, તે કબૂલ રાખી. મૂલદેવ દેવદત્તાની સાથે સુખપૂર્વક રહેવા લાગ્યો. એ સમયે મંડિક નામે ચોર દિવસે લંગડા તૂનારા તરીકે રહેતો ને રાત્રે શહેરમાં ખાતર પાડીને લોકોને ત્રાસ આપતો. એક વારના ચોર મૂલદેવે યુક્તિપ્રયુક્તિથી મંડિકને પકડ્યો અને તેની પાસેનું બધું દ્રવ્ય લઈ લીધા પછી એને શૂળીએ ચઢાવ્યો.[૨]

'વ્યવહારસૂત્ર'નાં ભાષ્ય તથા વૃત્તિ, 'આવશ્યકસૂત્ર'ની ચૂર્ણિ અને વૃત્તિ તેમ જ આચાર્ય હરિભદ્રસૂરિકૃત (ઈ.સ. ૭૦૧-૭૭૧) નર્મ અને કટાક્ષથી ભરેલા કથાનક 'ધૂર્તાખ્યાન'માં આવતાં મૂલદેવનાં કથાનકોની તુલના કરી, ડૉ. ભોગીલાલ સાંડેસરા મૂલદેવ-વિષયક સાંસ્કૃતિક નોંધ આ રીતે સમાપ્ત કરે છે: [૨૭૯]

'આ લાક્ષણિક ઉદાહરણોથી એ સ્પષ્ટ થશે કે, જેની આસપાસ લોકપ્રિય વાર્તાચક્રો રચાયાં છે એવાં થોડાંક વિચિત્ર અને વિલક્ષણ પાત્રો પૈકીનો એક મૂલદેવ છે. સાહસ, વિદગ્ધતા અને મુક્ત પ્રણયમાં રાચતી જે સૃષ્ટિ 'દશકુમાર' જેવી પ્રાચીન કથાઓના નાયકો રજૂ કરે છે તેનો જ એક વિશિષ્ટ પ્રતિનિધિ આ મૂલદેવ પણ છે. એની અને એના મિત્રોની

---

૨૭૯. ઉપર્યુક્ત, પૃ. ૧૪૮; વળી, જુઓ 'કુમાર'ના ૩૦૦મા અંકમાં ડૉ. ભો. જ. સાંડેસરાનો લેખ, 'પ્રાચીન સાહિત્યમાં ચોરશાસ્ત્ર'.

કથાઓ જેમ જૈન સાહિત્યમાં છે તેમ જૈનેતર સાહિત્યમાં પણ છે, એ બતાવે છે કે વત્સરાજ ઉદયનની જીવનકથાની જેમ મૂલદેવ વિષેની વાર્તા પણ પ્રાચીન ભારતીય કથાસાહિત્યનું એક જીવંત અંગ હતું.

'કથાસરિત્સાગર'માં સંગ્રહાયેલી મૂલદેવની વાર્તાનો સારાંશ આ પ્રમાણે છે:[૨૮૦]

નેપાલમાં, શિવપુર નગરમાં યશઃકેતુ નામે રાજા હતો. તેની શશિપ્રભા નામની સુંદર પુત્રીને જોઈ, મનઃસ્વામિન્ નામનો બ્રાહ્મણ મુગ્ધ થયો હતો. એક દિવસ મનઃસ્વામિને શશિપ્રભાને એક ઉદ્યાનમાં હાથીના ભયથી બચાવી ત્યારથી તેઓ બન્ને એકબીજાને ચાહવા લાગ્યાં. મનઃસ્વામિન્ શશિપ્રભાને કેમ મેળવવી, એવો વિચાર કરતાં જાદુઈ વિદ્યાઓમાં પ્રવીણ કુટિલ મૂલદેવને મળ્યો. મૂલદેવ પાસે સિદ્ધગુટિકા હતી તેના પ્રભાવથી પોતે વૃદ્ધ બ્રાહ્મણ થયો અને મનઃસ્વામિનને સુંદર કુમારિકા બનાવી, યશઃકેતુ રાજા પાસે તેને થાપણ તરીકે મૂકી. મનઃસ્વામિન્ ગુટિકાની શક્તિથી રાત્રે પુરુષ અને દિવસે સ્ત્રીનું સ્વરૂપ ધારણ કરી, રાજાની પુત્રી શશિપ્રભાનો પ્રીતમ બન્યો. એક દિવસ રાજાના પ્રધાનનો પુત્ર, મનઃસ્વામિનને સ્ત્રીના રૂપમાં જોઈ મોહ પામ્યો, અને તેને પરણવા માટે અતિ આગ્રહ કર્યો. મનઃસ્વામિને સ્ત્રીના રૂપમાં તેની સાથે પરણવાની એક શરતે હા પાડી કે, તેનો પતિ છ માસ યાત્રાએ જાય; અને તે શરત પાળવામાં ન આવે તો પોતે આત્મઘાત કરે. પ્રધાનપુત્ર તેની શરત કબૂલ રાખી, તેને પરણ્યો; અને યાત્રાએ ગયો. અહીં પ્રધાનપુત્રની સુંદર પત્નીના પ્રેમમાં પડી, મનઃસ્વામિન્ તેના પ્રેમી તરીકે રહેવા લાગ્યો. પ્રધાનપુત્ર યાત્રાએથી પાછો આવવાનો છે, એવા સમાચાર મળતાં, તે પ્રધાનપુત્રની પત્ની સાથે

૨૮૦. Tawney and Penzer, Op. cit., Vol. VII, pp. 40-48

નાસી ગયો. ધૂર્તરાજ મૂલદેવને આ સમાચાર મળતાં, પોતાના ધૂર્ત મિત્ર શશિનને યુવાન બ્રાહ્મણ બનાવી, અને પોતે વૃદ્ધ બ્રાહ્મણ બની, રાજા યશઃકેતુ પાસે પોતે કુમારિકાની મૂકેલી થાપણ લેવા ગયો. રાજા શાપના ભયથી ગભરાઈ ગયો અને થાપણવાળી કુમારિકાના બદલામાં, પોતાની પુત્રી શશિપ્રભા યુવાન બ્રાહ્મણને (શશિનને) પરણાવી.

'કથાસરિત્સાગર'માં 'ઘટ અને કર્પર'ની વાર્તા આપેલી છે, તેનો સારાંશ આ પ્રમાણે છે:[૨૯]

કોઈ એક નગરમાં ઘટ અને કર્પર નામના બે ચોર રહેતા હતા. એક રાત્રે, બન્ને રાજમહેલમાં ચોરી કરવા ગયા; ત્યાં, કર્પર રાજમહેલમાં ગયો અને ઘટ બહાર રહ્યો. કર્પર રાજકુંવરીના ઓરડામાં ગયો; રાજકુંવરી કર્પરને જોઈ મોહ પામી અને તેને ઘણું ધન આપી, ફરી આમંત્રણ આપ્યું. કર્પર બહાર આવ્યો અને બનેલી હકીકત ઘટને કહી અને મેળવેલી દોલત તેને આપી, વિદાય કરી, પોતે ફરી રાજમહેલમાં રાજકુંવરી પાસે ગયો. રતિશ્રમથી થાકેલો અને મદ્યના પાનની અસરથી કર્પર રાત્રે ઊંઘી ગયો; તેને સવાર પડી તેની ખબર રહી નહિ. સવારમાં, અન્તઃપુરના રક્ષકોએ તેને પકડ્યો અને તેને રાજા પાસે લઈ ગયા. રાજાએ તેને ફાંસી દેવા હુકમ કર્યો. જ્યારે તેને વધ-સ્થાને લઈ જવામાં આવતો હતો ત્યારે રસ્તામાં ઘટે તેને જોયો. કર્પરે ઘટને નિશાની કરી જણાવ્યું કે, તું રાજકુંવરીને ઉપાડી જજે અને તેની સંભાળ રાખજે. ઘટે નિશાની કરી જણાવ્યું કે, તે તેની ઇચ્છા પ્રમાણે કરશે. કર્પરને એક ઝાડની ડાળીએ ફાંસી દેવામાં આવી. ઘટ રાત્રે જમીનની નીચે રસ્તો ખોદી, રાજમહેલમાં ગયો અને કેદી રાજકુંવરીને પોતાને ત્યાં લઈ આવ્યો. અનેક યુક્તિપ્રયુક્તિઓથી, તે કર્પરના દેહને અગ્નિદાહ દેવામાં સફળ થયો અને તેનાં અસ્થિ અને ભસ્મ પવિત્ર નદીમાં નાખ્યાં. અનેક સાહસો કરવામાં સફળ, ઘટનાં પરાક્રમોથી ગુસ્સે થઈ રાજાએ ઢંઢેરો પિટાવ્યો કે,

૨૯. Tawney and Penzer, Op. cit., Vol. V, 142-152

મારી પુત્રીનું હરણ કરનાર અને બીજું પરાક્રમ કરનાર, જે મદદગાર મારી પાસે હાજર થશે તેને અર્ધું રાજ્ય આપીશ. રાજકુંવરીના ના કહેવાથી ઠગ રાજા પાસે હાજર થયો નહિ અને દૂર દેશમાં જવા નીકળી પડ્યો. રસ્તામાં રાજકુંવરીએ તેને એક સાધુ પાસે મરાવી નાખ્યો.

ડૉ. સાંડેસરાએ મૂલદેવ પર આપેલી નોંધ, 'કથાસરિત્સાગર'માંની મૂલદેવની વાર્તા અને 'ઠગ કપટી'ની વાર્તાની તુલના કરતાં, મૂલદેવનાં સાહસની પરંપરા પ્રાચીન છે, એટલું જ નહિ પણ તે ભારતીય છે એમ ચોરશાસ્ત્ર તેમજ મૂલદેવ-વિષયક વિપુલ પ્રમાણમાં મળતા ભારતીય સાહિત્ય પરથી જણાય છે. પ્રો. પેન્ઝરે, 'ઠગ અને કપટી'ની વાર્તાની ચર્ચામાં, મૂલદેવ વિષેના અન્ય પ્રાચીન ભારતીય ઉલ્લેખ નહિ જોવાના કારણે, તે વાર્તાને મિસરની મૂળ વાર્તા તરીકે ગણાવી છે, તે બરાબર નથી.

આમ, મૂલદેવનાં સાહસોની એક પ્રાચીન પરંપરાની અસર 'પંચદંડ'ના વાર્તાચક્ર પર પડેલી છે.

ભૌગોલિક સામગ્રી

'પંચદંડ' વાર્તાચક્રમાં આવતાં પ્રાચીન નગર, દેશ, પ્રદેશ આદિ ભૌગોલિક દૃષ્ટિએ મહત્ત્વનાં છે; અને જ્યારે ભૌગોલિક સ્થળનામ કે પ્રદેશના મહત્ત્વ વિષે ચર્ચા કરવામાં આવે ત્યારે ઐતિહાસિક, સમાજશાસ્ત્રીય, રાજકીય આદિ દૃષ્ટિ પણ તેમાં પ્રવેશવાની. આ રીતે જેનું વિવરણ કર્યું છે તે નગર અને પ્રદેશો નીચે પ્રમાણે છે:

૧. ઉજ્જયિની:

વિક્રમ-વિષયક સર્વ વાર્તાચક્રોમાં ઉજ્જયિનીનું ગૌરવપૂર્ણ વર્ણન મળે છે. આ ઉપરથી વાત એ છે કે, બીજરૂપે ભારતના ઇશાન ખૂણામાં પાંગરેલી 'પંચદંડ'ની વાર્તાઓનું કેન્દ્ર ઉજ્જયિની કેવી રીતે બન્યું? વિક્રમના

લોકપ્રિય પાત્રના કારણે આમ થયું હોય એ શક્ય છે.

ઉજ્જયિની એ પ્રાચીન ભારતના સાર્થમાર્ગો (Trade Routes)ના એક મહત્ત્વના સંગમસ્થાન પર આવેલું હતું, અને એ રીતે 'પંચાઈક'માં આવતા મુખ્ય નગરો તામ્રલિપ્તિ, સોપારા, ભંભાત આદિ પ્રાચીન સમયમાં વેપારનાં કેન્દ્ર હતાં અને તેઓ મુખ્ય વેપારમાર્ગોથી જોડાયેલાં હતાં. અવન્તિ જનપદનું પાટનગર હતું. 'કાલકાચાર્ય કથા'માં ઉલ્લેખ મળે છે કે, ત્યાંના ગર્દભિલ્લ રાજાએ કાલકાચાર્યની બહેન સરસ્વતીનું હરણ કર્યું હતું, તેથી કાલકાચાર્ય શક લોકોને તેડી લાવ્યા હતા. આ પ્રસંગ સૂચવે છે કે, પ્રાચીન સમયમાં મધ્ય ભારત અને પશ્ચિમ ભારતમાં જે રાજકીય પરિવર્તનો થતાં તેની પ્રબળ અસર ઉજ્જયિની પર થતી હતી. તે ભારતવર્ષના હૃદયભાગમાં આવેલું હોઈ, જેમ એક સંસ્કૃતિકેન્દ્ર હતું તેમ વેપારનું પણ મોટું મથક હતું. આ વિશે ડૉ. ભોગીલાલ સાંડેસરા લખે છે: ૨૮૨

"'કુત્રિક' અર્થાત્ ત્રિભુવનની કોઈપણ વસ્તુ જેમાં મળે એવા 'આપણ' અર્થાત્ મોટા વસ્તુભંડારો — 'કુત્રિકાપણ' પ્રાચીન ભારતમાં બે મહાનગરો — ઉજ્જયિની તેમ જ રાજગૃહમાં હતા. રાજા પ્રદ્યોતના રાજ્યકાળ દરમિયાન ઉજ્જયિનીમાં નવ કુત્રિકાપણ હતા. આ ભંડારોમાં વસ્તુની કીમત તે ખરીદનારના સામાજિક દરજ્જા પ્રમાણે લેવામાં આવતી. જે માણસ દીક્ષા લેવાનો હોય તે પોતાનાં જરૂરી ઉપકરણ, જો તે સામાન્ય માણસ હોય તો કુત્રિકાપણમાંથી પાંચ રૂપિયાની કીમતે ખરીદી શકતો, જો તે ઇભ્ય (લક્ષાધિપતિ) અથવા સાર્થવાહ હોય તો તેને એક હજાર આપવા પડતા અને જો તે રાજા હોય તો તેને એક લાખ રૂપિયા આપવા પડતા.'

માલવ જાતિના આક્રમણકારોએ, સમય જતાં, અવન્તિ જનપદ જીતી લીધું અને તેમના નામ પરથી તે પ્રદેશનું નામ માલવા પડ્યું. માલવા નામ મહાભારતના સમયમાં જાણીતું હતું, એમ ડૉ. ઉમાશંકર જોશીએ, મહાભારતના આધારે નોંધ કરી છે. ૨૮૩

૨૮૨. સાંડેસરા, (ડૉ.) ભોગીલાલ જ., 'જૈન આગમસાહિત્યમાં ગુજરાત', પૃ. ૨૬-૨૭

૨૮૩. જોશી, ઉમાશંકર, 'પુરાણોમાં ગુજરાત', પૃ. ૧૫૮

૨. માલવા:

પ્રદેશ- નકુલના પશ્ચિમ દિગ્વિજયમાં મરુ, શિબિ, માલવ, કર્ણિ, પુષ્કર એ ક્રમમાં ઉલ્લેખાયેલો સિન્ધુનદકિનારાઓના પ્રદેશોમાંનો એક....

ટૉલેમીએ ઉજ્જયિનીને Ozene કહી છે.[૨૮૪] વિક્રમની વાર્તાઓમાં ઉજ્જયિની કહી છે; પણ ખરું જોતાં અવન્તિ એ જનપદનું નામ હતું અને ઉજ્જયિની તેની રાજધાનીનું નગર હતું. વિક્રમની વાર્તાઓનું મુખ્ય કેન્દ્ર ઉજ્જયિની રહ્યું તેનું એક કારણ તેની સમૃદ્ધિ, વેપારનું કેન્દ્ર, ભારતના મહત્ત્વના વેપારી માર્ગોનું સંગમસ્થાન આદિ ગણાવી શકાય. માલવાધિપતિ વિક્રમ તે જ વિક્રમની વાર્તાઓનો નાયક હતો કે કેમ તે પ્રશ્ન બાજુએ રાખી એમ કહી શકાય કે, ઉજ્જયિનીની સમૃદ્ધિથી આકર્ષાઈ લોકકલ્પનાએ તેને લોકસાહિત્યમાં — વાર્તાસાહિત્યમાં અમર કરી.

૩. તામ્રલિપ્તિ:

દમની ગાહણ વિક્રમને તામ્રલિપ્તિ નગરમાં જઈ, ત્યાંની રાજકુંવરી પાસેથી રત્નો ભરેલી પેટી લઈ આવવા આદેશ આપે છે એટલે વિક્રમ વેતાલના ખભે બેસી તામ્રલિપ્તિ ગયો. ત્યાં વિક્રમે રાજકુંવરી રત્નમંજરીનો સાત માળનો મહેલ જોયો. કટાહ દ્વીપના નિર્જન નગરમાં વિક્રમે રાજાના સાત માળના મહેલમાં પ્રવેશ કર્યો, એ પ્રકારનું વર્ણન ઉમાદેવીની વાર્તામાં મળે છે. કટાહ અને તામ્રલિપ્તિમાં મળતા આવા સાત માળના મહેલની, પ્રો. મોરિસ બ્લૂમફિલ્ડે નોંધ લીધી છે; ('The Life and Stories of the Jaina Savior Pārśvanātha, page, 46).

મૅક્ક્રિન્ડલ કે જેણે ટૉલેમીની Ancient Geography — પ્રાચીન ભૂગોળનું સંપાદન કરેલું છે તે તામ્રલિપ્તિ વિશે કહે છે:[૨૮૫]

૨૮૪. Mc Crindle's Ancient Geography as described by Ptolemy, pp. 154-155

૨૮૫. Ibid, pp. 169-170

'Tamalites represents the Sanskrit Tāmralipti, the modern Tamluk, a town lying in a low and damp situation on a broad reach or bay of the Rūpanārāyan river, 12 miles above its junction with the Hughli mouth of the Ganges. The Pāli form of the name was Tāmalitti, and this accounts for the form in Greek. Pliny mentions a people called Taluctae belonging to this part of India and the similarity of the name leaves little doubt of their identity with the people whose capital was Tamluk. This place, in ancient times was the great emporium of the trade between the Ganges and Ceylon.

પ્રો. અક્ષયકુમાર 'The Hindu History'માં હ્યુએનત્સાંગનો મત ટાંકી જણાવે છે કે,[૨૮૬] 'Its circumference was 250 to 300 miles. Capital was on the sea. The state was rather peninsula, on the west side of the river Hugli. ~~Fa~~ Tamālika was the port ------- Jaimini calls Tomluk by the name of Ratnagarh; Mahavansa — Tamra-lipti; Megasthenes — Taluctoe; Ptolemy — Tamalites. Certainly, these parts were mostly people

---

૨૮૬. Mazumdar, Akshoy Kumar, 'The Hindu History', pp. 421-22.

by brave Dravidians.

પ્રો. આર. સી. મજુમદાર, 'Ancient India'માં તામ્રલિપ્તિ વિષે નીચે પ્રમાણે માહિતી આપે છે:[૨૮૭]

'----- Tāmralipti, represented by modern Tamluk in Bengal, was a famous port, and we read many voyages to it from the Chinese ports. The people of Kalinga and the Tamil states had also a great share in this traffic, and there was regular commercial intercourse between the eastern coast of India and the Indian colonies beyond the sea. Similarly, there was a brisk trade between the western coast of India and the western countries such as Western Asia, Africa and Europe. Fa-Hien, who came to this country in the 5th century A.D., sailed from Tāmralipti to Java via Ceylon, and again from Java to China in Indian merchantmen.-----'

ચીની મુસાફર ફાહીયાન તામ્રલિપ્તિથી સિંહલદ્વીપ (સિલોન) ગયો તેનો, 'Fa Hien's Records of Buddhistic Kingdoms by Legge (1886, pp. 111-114)'માંથી ઉલ્લેખ કરતાં, સ્વ. શ્રી. ચંદ્રશંકર બૂચ 'કુમાર'માં લખે છે:[૨૮૮]

---

૨૮૭. Majumdar, (Dr.) R. C., 'Ancient India', p. 465

૨૮૮. બૂચ, (સ્વ.) શ્રી. ચંદ્રશંકર, 'પ્રાચીન ભારતીય વહાણવટું' એ 'કુમાર' માસિકમાં પ્રસિદ્ધ થયેલ લેખમાળા પૈકીનું પ્રકરણ પાંચમું; 'કુમાર' ઓક્ટોબર ૧૯૫૯, પૃ: ૪૧૮-૪૧૯.

૬ ---- મને એક વિશેષ પૂર્ણાંશે ઐતિહાસિક નામ મળે છે: નિયામક 'નંદી'નું.

ચીની મુસાફર ફાહિયાન ઈસુની પાંચમી સદીના આરંભમાં ભારતમાં આવ્યો (ઈસવી સન ૪૦૧-૪૧૦) ત્યારે એ તામ્રલિપ્તિ (તામલુક) થી વહાણમાં બેસી સિંહલ ગયો. એ સફર ચૌદ દહાડામાં પૂરી થઈ, જે આજે પણ ઝડપી ગણાય; કારણ તામ્રલિપ્તિથી સિંહલ આશરે છસ્સો ગાઉ દૂર થાય. સિંહલમાં બેએક વર્ષ રહી ફાહિયાન જાવા ગયો. તે વખતે વહાણમાં લગભગ ૨૦૦ માણસો હતાં. રસ્તામાં વહાણને જબ્બર તુફાન નડ્યું, પણ આખરે ૯૦ દિવસ પછી વહાણ જાવા પહોંચ્યું. જાવામાં પાંચેક મહિના રોકાયા પછી એ ચીન જવા ઊપડ્યો. એ વહાણ પણ ભારતીય હતું, અને ફાહિયાને એના સાંયાત્રિક-નિયામકનું નામ નોંધી લીધું હતું. એ નામ હતું નન્દી અથવા નન્દિ.

આ સર્વ માહિતી જોતાં, તામ્રલિપ્તિ ઈ.સ. પૂર્વે કેટલીક સદીઓ પહેલાં એક સમૃદ્ધ બંદર અને વેપારનું કેન્દ્ર હતું, એમ ફલિત થાય છે. પ્રો. રમેશચંદ્ર મજુમદારના મત પ્રમાણે, તામ્રલિપ્તિ એક નગરરાજ્ય (City State) હતું અને તમાલિકા એનું બંદર હતું. તામ્રલિપ્તિ અને સિલોન વચ્ચે ધમધોકાર વેપાર ચાલતો હતો, એવા ઉલ્લેખો મળે છે. તામ્રલિપ્તિની સમૃદ્ધિ, વેપારનું મહત્વનું સંગમસ્થાન, વહાણોને ભારતમાંથી માલ લઈ જવા કે લાવવા માટેનું સગવડભર્યું બંદર — આ સર્વ કારણોને લઈ, 'વસુદેવહિંડી', 'કથાસરિત્સાગર' અને 'પંચદંડ' જેવાં વાર્તિકમાં તામ્રલિપ્તિ વારંવાર વાર્તાઓના કેન્દ્ર તરીકે આવે છે. ગુજરાતી કવિ લક્ષ્મીવલ્લભગણિએ, વિક્રમ તામ્રલિપ્તિમાંથી 'પંચ-ગડિ દંડ' પ્રાપ્ત કર્યો, એવું વર્ણન કર્યું છે તે અતિ રોચક છે, ~~અને તામ્રલિપ્તિ જેવા અતિ દૂરના નગરમાંથી વહાણવટા~~

અને વાણિજ્ય દ્વારા પ્રાપ્ત કરેલી સમૃદ્ધિના પ્રતીકરૂપ 'પાણિગ્રહણદંડ' વિક્રમે પ્રાપ્ત કર્યો, એ લક્ષ્મીવલ્લભગણિની કલ્પના વાસ્તવિકતાની ઘણી નજીક લાગે છે. પૂર્ણિમાગચ્છાચાર્ય રામચંદ્રસૂરિએ તામ્રલિપ્તિનું 'ત્રંબાવતી' કર્યું અને 'પંચદંડ'વિષયક પ્રાચીન સંસ્કૃત પરંપરામાં, 'રત્નમંજૂષાની વાર્તા-નું કેન્દ્ર તામ્રલિપ્તિ હતું તે રામચંદ્રસૂરિની અસરના કારણે ત્રંબાવતી-ખંભાત થયું. સર્વ ગુજરાતી 'પંચદંડ'કારોએ, રામચંદ્રસૂરિનું અનુકરણ કરી, તામ્રલિપ્તિને બદલે ખંભાતમાં વાર્તાનો વિસ્તાર દર્શાવ્યો છે.

૪. સોપારા :

'પંચદંડ'ની 'ઉમાદે ગોરાણી'ની બીજી વાર્તાનું કેન્દ્ર સોપારા છે. દમની ગાળણ વિક્રમને સોપારા જઈ, ઉમાદે ગોરાણીનું વર્તન નિહાળવા આદેશ આપે છે, ત્યારે વિક્રમ એક વિદ્યાર્થી તરીકે ઉમાદેના પતિ સોમશર્માને ત્યાં રહે છે. ઉમાદે પાસેથી ઊડણદંડ ચૂંટવી લઈ, વિક્રમ વહાણ મારફત, સોમશર્મા અને અન્ય ૬૩ વિદ્યાર્થીઓ સાથે, કટાહ ગયો. સોપારાથી કટાહ વહાણ મારફત જવાનો આ પ્રસંગ પ્રાચીન ભારતીય વહાણવટા અને વાણિજ્યનો દ્યોતક છે. પ્રાચીન સમયમાં, પશ્ચિમ ભારતનાં મોટામાં મોટાં વેપારનાં કેન્દ્ર અને બંદરોમાંનું સોપારા હતું. પશ્ચિમ ભારતમાંથી તેમ જ પરદેશથી પશ્ચિમ ભારતના સમુદ્રમાં થઈને તામ્રલિપ્તિ અને ચીન જનારાં વહાણ કટાહ દ્વીપે લાંગરીને અથવા તેના કિનારા પાસે થઈને જતાં; અથવા કહો કે, પશ્ચિમ ભારતના સમુદ્રમાંથી તામ્રલિપ્તિ, ચીન આદિ સ્થળોએ જવા માટેનો દરિયાઈ માર્ગ કટાહ દ્વીપ પાસેથી પસાર થતો હોવો જોઈએ.

સોપારાનું પ્રાચીન નામ શૂર્પારક, સોપારક હતું. પેરિપ્લસે તેને Suppara અને ટોલેમીએ તેને Soupara નામથી ઓળખાવ્યું છે. ટોલેમીએ સોપારાનો

પરિચય આ પ્રમાણે આપ્યો છે:[૨૮૯]

'Soupara has been satisfactorily identified by Dr. Burgess with Supārā, a place about 6 miles to the North of Vasai (Bassein). It appears to have been from very early times an important centre of trade, and it was perhaps the capital of the district that lay around it. Among its ruins have been preserved some monuments, which are of historical interest, and which also attest its high antiquity. These are a fragment of a block of basalt like the rock of Girnār, inscribed with edicts of Aśoka, and an old Buddhist Stūpa....'

શ્રી ઉમાશંકર જોશીએ સોપારાનો પરિચય આ પ્રમાણે આપ્યો છે:[૨૯૦]

શૂર્પારક: નગર, થાણા જિલ્લામાં મુંબઈથી ઉત્તરે ૩૭ અને વસઈથી વાયવ્યે ૪ માઈલ પર આવેલું સોપારા (નાલા સોપારા) પ્રાચીન કાળમાં તે મોટું તીર્થ હતું. જમદગ્ન્યે તેનું સેવન કર્યું હતું. શૂર્પારકક્ષેત્રના ચતુરંગભાગિરિ ઉપર તે રહેતા હતા, એમ મહાભારત કહે છે. ભાગવત તેને ગોકર્ણની ઉત્તરે મૂકે છે. બૌદ્ધ ગ્રંથોમાં સુપ્પારક એક મહાન નૌકાપતિના નામ તરીકે મળે છે, તે સોપારા બંદર – શૂર્પારક – નું સૂચન કરે છે. એકાદ પૂર્વજન્મમાં બુદ્ધ સુપ્પારકમાં બોધિસત્ત્વરૂપે હતા એમ બૌદ્ધગ્રન્થોમાં કહેવાયું છે.

પેરિપ્લસમાં Suppara અને ટોલેમીમાં Soupara આપે છે.

---

૨૮૯. Mc Crindle, J. W., 'Ancient India as described by Ptolemy', page 40.

૨૯૦. જોશી, શ્રી ઉમાશંકર, 'પુરાણોમાં ગુજરાત', પૃ: ૧૯૭-૧૯૮

બર્જેસે પ્રાચીન શૂર્પારક તે હાલનું સોપારા એમ નક્કી કરી આપ્યું હતું. મલ્લિનાથે શૂર્પારક તે અપરાન્તની રાજધાની હતું એવો વિશ્વકોષનો આધાર આપ્યો છે તેનો ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજી ઉલ્લેખ કરે છે. ડૉ. ભગવાનલાલે સોપારામાં ખોદકામ કરાવી, અશોકનો શિલાલેખ શોધી કાઢ્યો હતો. - - - -'

ડૉ. ભોગીલાલ સાંડેસરા સોપારા-વિષયક જૈન સાહિત્યના ઉલ્લેખ ટાંકી, તેની પ્રાચીનતા આ પ્રમાણે દર્શાવે છે;[૨૯૧]

સોપારક: મુંબઈની ઉત્તરે થાણા જિલ્લામાં દરિયાકિનારે આવેલું સોપારા. આગમસાહિત્યના ઉલ્લેખો પણ સોપારક સમુદ્રકિનારે આવેલું હોવાનું કહે છે. ત્યાંનો સિંહગિરિ રાજા મલ્લવિદ્યાનો શોખીન હતો.

સોપારક જૈન ધર્મનું એક કેન્દ્ર હતું. આર્ય સમુદ્ર, આર્ય મંગૂ અને વજ્રસ્વામીના શિષ્ય વજ્રસેન જેવા આચાર્યોની એ વિહારભૂમિ હતું, તથા નાગેન્દ્ર, ચન્દ્ર, નિર્વૃતિ અને વિદ્યાધર — એ સાધુઓની ચાર શાખાઓ સોપારકથી પ્રવર્તી હતી.

પ્રસિદ્ધ શિલ્પી કોક્કાસ સોપારકનો વતની હતો અને ત્યાંથી પોતાનું નસીબ અજમાવવા માટે ઉજ્જયિની આવ્યો હતો.

સોપારકમાં કલાલો બહિષ્કૃત ગણાતા નહિ હોય, કેમ કે, આર્ય સમુદ્રના શ્રાવકોમાં એક વૈકટિક — દારૂ ગાળનાર પણ હતો એવો ઉલ્લેખ છે. પડોશના મહારાષ્ટ્રમાં પણ કલાલો બહિષ્કૃત નહોતા અને તેમની સાથે બીજાઓ ભોજન લઈ શકતા, એવા અન્ય ઉલ્લેખોની તુલના આ સાથે કરવા જેવી છે.

સોપારક દરિયાકિનારાનું નગર હોઈ, વેપારનું કેન્દ્ર હતું. પરદેશથી વહાણ ધાન્ય ભરીને વહાણો આવતાં ત્યાં એક વાર દુર્ભિક્ષનો સુભિક્ષ થયો હતો. 'નિશીથચૂર્ણિ'માં નોંધાયેલી એક અનુશ્રુતિ પ્રમાણે, સોપારકમાં વેપારીઓનાં પાંચસો કુટુંબ હતાં. એમનો કર માફ થયેલો હતો, પણ ત્યાંના

૨૯૧. સાંડેસરા, (ડૉ.) ભોગીલાલ જ., 'જૈન આગમસાહિત્યમાં ગુજરાત', પૃ. ૨૦૭-૨૦૮

રાજાએ મંત્રીના કહેવાથી તેમની પાસે કર માગ્યો, પરન્તુ 'એમ કરવાથી પુત્ર-પૌત્રાદિએ પણ કર આપવો પડશે' એમ સમજીને વેપારીઓએ કર આપવા ના પાડી. રાજાએ કહ્યું કે, 'કર આપવો ન હોય તો અગ્નિપ્રવેશ કરો.' આથી પાંચસો યે વણિકો પોતાની સ્ત્રીઓ સાથે અગ્નિપ્રવેશ કરીને મરણ પામ્યા હતા. આ વણિકોએ અગાઉ સોપારકમાં પોતાનું સભાગૃહ કરાવ્યું હતું. એમાં પાંચસો સાલભંજિકાઓ હતી.

આ છેલ્લો ઉલ્લેખ આર્થિક-સામાજિક ઇતિહાસની દૃષ્ટિએ ઘણો અગત્યનો છે. એમાંથી મુખ્ય આટલી વસ્તુઓ ફલિત થાય છે: સોપારા વેપારનું મથક હોઈ, એમાં વેપારીઓનાં પાંચસો કુટુંબો હતાં. એ વેપારીઓનું એક મહાજન હતું. મહાજન પાસે તેની પોતાની કચેરી અને એમાં મોટું સભાગૃહ હતું, જેમાં પાંચસો પૂતળીઓ હતી. અર્થાત્ શિલ્પની દૃષ્ટિએ પણ એ સભાગૃહ નોંધપાત્ર હશે. માફ કરેલો કર રાજાએ લેવા ધાર્યો એ સામે વિરોધ કરતાં બધા વેપારીઓ મરણ પામ્યા, એ વસ્તુ પણ પ્રાચીન શ્રેણિઓ (Guilds)ના સંગઠનના પ્રતીક જેવી છે. 'નિશીથસૂત્ર'ની ચૂર્ણિમાં જ નહિ, પણ તેના ભાષ્યમાં યે આ અનુશ્રુતિ નોંધાઈ છે, એ એની પ્રાચીનતા સૂચવે છે. ----?

સોપારામાં આયાત અને નિકાસ થતા માલ પર કર લેવા અને અન્ય વિષયો સંબંધી ધારાધોરણો સુપ્રચલિત હતાં તેની નોંધ સ્વ. શ્રી ચન્દ્રશંકર બૂચે ('સુકાની') કરી છે:[૨૯૨]

'આપણું વહાણવટું કેટલું મોટું અને કેટલું સતત હતું તે આપણે પાછલાં પ્રકરણોમાં જોઈ ગયા. આવી ધરખમ દરિયાખેડની વ્યવસ્થા માટે યોગ્ય ધારાધોરણો પણ વેપારીઓની અને નિયામકોની શ્રેણીઓ બાંધતી રહે એ સ્વાભાવિક છે. અને એ ધોરણોમાં સ્થાનીય જરૂરિયાતો પૂરતી જુદે જુદે સ્થાને ભિન્નતા રહે એ પણ સ્વાભાવિક છે. પ્રાચીન સાહિત્ય

૨૯૨. બૂચ, (સ્વ.) શ્રી ચન્દ્રશંકર, 'પ્રાચીન ભારતીય વહાણવટું', એ લેખ-માળા પૈકી પ્રકરણ ૯, 'વહાણવટાના કાયદા', 'કુમાર', જાન્યુ. ૧૯૬૦, પૃ. ૨૨-૨૩.

પરથી લાગે છે કે, વેપારીઓ, સાંયાત્રિકો કે નૈગમિકો પોતે જે પત્તનમાં હોય ત્યાંના ધારાધોરણો સ્વીકારતા હશે. આમ, રાજ્યની દખલગીરી વગર વેપારીઓએ પોતે બાંધેલા એ ધારાધોરણને 'પણ્યચારિત્રમ્' કહેતા. પણ્યચારિત્રમ્ એટલે વેપારીઓએ બાંધેલા ધારા. આ ઉપરાંત બંદરનાં વિશિષ્ટ ધારાધોરણોને 'પત્તનચારિત્રમ્' કહેતા. (સ્વ. બૂચ આ વિષયનું એક દૃષ્ટાંત નીચે આપે છે:)

x x x x

સુપ્પારક બંદરમાં પૂર્ણ નામનો વેપારી રહેતો હતો. એક વખતે લગભગ પાંચસો વ્યાપારીઓનો કાફલો બંદરમાં આવીને નાંગર્યો. એમણે આણેલા માલ વિષે પૂછપરછ કરીને પૂર્ણે બધો માલ આઠ લાખ મુદ્રાઓમાં વેચાણ લીધો. એના બાના (અવદંગ) તરીકે ત્રણ લાખ મુદ્રાઓ ચૂકવી દીધા અને બાકીની પાંચ લાખ, માલ પોતાના કોઠારમાં પહોંચતાં, ચૂકવી દેવાની શર્ત કરી. આ સોદો પાકો થયો કે પૂર્ણે કાંઠા ઉપર પડેલા માલ ઉપર પોતાની છાપ (સ્વમુદ્રા) મારી દીધી.

ત્યાર બાદ બીજા વેપારીઓના દલાલો (અવચારકાઃ) માલ જોવા આવ્યા. માલ એક જ વેપારીએ — એટલે પૂરણ શેઠે આઠ લાખ રૂપિયામાં પડાવી લીધો છે એ સાંભળી દલાલોએ વહાણવટીઓને તો માત્ર એટલું જ કહ્યું કે અમારા વહાણોના કોઠાર તો માલથી ભર્યા પડ્યા છે, એટલે અમે તો પૂરણ શેઠે આપેલા બાનાની રકમ (એટલે ત્રણ લાખ મુદ્રા) પણ આપી ન આપત. પણ બધો માલ એકલે હાથે ખરીદી લેવાના વિરોધ માટે દલાલો પૂરણ શેઠ પાસે ગયા અને શ્રેણીના નિયમો (ક્રિયાકારો)નો ભંગ કરવાનો એના ઉપર આક્ષેપ મૂક્યો.

આ અભિયોગની રાજા પાસે ન્યાય માટે રજૂઆત થતાં પૂરણ શેઠનો પ્રતિવાદ એવો હતો કે, સુપ્પારક બંદરમાં આવતા દરેક કાફલાનો માલ કોઈ એક વેપારી નહિ પણ આખી શ્રેણીએ પડાવી લેવો એ નિયમ શ્રેણીએ મારી અનુપસ્થિતિમાં બાંધ્યો હતો. એ નિયમ બાંધવામાં ~~આવ્યો એ સભામાં મને કે મારા ભાઈને આમંત્રણ મોકલવામાં નહોતું~~

આવ્યું. રાજાએ પૂરણ શેઠનો પ્રતિવાદ માન્ય રાખ્યો અને શ્રેણીનો વાદ અન્યાયી ઠરાવ્યો, અને શ્રેણીએ પૂરણ શેઠને સાઠ કાર્ષાપણનો દંડ કર્યો હતો એ પાછો અપાવ્યો.'

૫. કટાહ :

કટાહ એ કડાહ, કેડાહ આદિ નામથી પ્રાચીન કાળથી જાણીતું છે. પરદેશથી પશ્ચિમ ભારતના સમુદ્રમાં થઈને તામ્રલિપ્તિ, ચીન આદિ પૂર્વના પ્રદેશમાં જતાં વહાણોનો દરિયાઈ માર્ગ કટાહ પાસેથી પસાર થતો હતો, અને તે રીતે ભૌગોલિક અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતો આ રાજ્ય કથા-સાહિત્યમાં સ્થાન પામ્યો છે; આજે પણ અગ્નિએશિયાનો આ રાજ્ય કેડાહ નામથી જાણીતો છે.

ઉમાદે ગોરાણીની વાર્તામાં, વિક્રમ ઉમાદેનો ઊડણદંડ ઝૂંટવી, વહાણ દ્વારા સોપારાથી કટાહ જાય છે. તે હવે તત્કાલીન પરિસ્થિતિથી સમજાય છે કે, પશ્ચિમ ભારતમાં સોપારા એક મોટું બંદર અને વેપારનું કેન્દ્ર હતું, જ્યારે કટાહ મહત્ત્વના દરિયાઈ માર્ગ પરનું સ્થળ હતું. તામ્રલિપ્તિ અને સિલોન વચ્ચે ગાઢ વ્યાપારી સંબંધ હતા, અને તે બે વચ્ચે પ્રવાસ કરતાં વહાણો કટાહ થઈને જતાં હતાં; ચીન તરફ જતાં આવતાં વહાણ પણ ત્યાં થઈને પસાર થતાં હોવાં જોઈએ. આ વિગતો પરથી જણાય છે કે, પૂર્વભારત, અગ્નિએશિયા અને ચીન આદિ દેશો તરફ જનાર વહાણોનો કટાહ એ દરવાજો ગણી શકાય.

જૈન પરંપરા અનુસાર, ચક્રવર્તીનાં ચૌદ રત્નો પૈકીનું એક ચર્મરત્ન છે અને ચર્મરત્નને વહાણવટાના પ્રતીકરૂપ ગણી શકાય. તેમ દર્શાવતાં, ઊડણદંડ એ ચર્મરત્નનું રૂપાન્તર હોય એમ જણાય છે, જો કે આ ઊડણદંડનાં, પંચદંડ-ની પ્રાચીન પરંપરામાં, સિદ્ધદંડ અને સર્વરસદંડ એવાં નામ મળે છે. પરંતુ, સિદ્ધદંડ સાથે સિદ્ધયોગીઓની અને સર્વરસદંડ સાથે રસવિદ્યા (Alchemy)-ની અસર સ્વીકારીએ તોપણ મૂળભૂત રીતે આ દંડ ઉડ્ડયનની ક્રિયા—

દર્શાવેલાં, ચર્મરત્નનું પ્રતીક હોય એ સંભવિત છે. વળી, વિક્રમને કટાહ દ્વીપ-માંથી માનવભક્ષી રાક્ષસ (Canibal) પાસેથી વિજયદંડ મળે છે તે, ભારતવાસીઓએ અગ્નિ-એશિયાના આદિવાસીઓ પર વિજય મેળવી, ત્યાં પોતાનાં સંસ્થાનો સ્થાપ્યાં, એ હકીકત પર પ્રકાશ નાખે છે. આન્દામાન, નિકોબાર, જાવા, સુમાત્રા આદિ ટાપુઓમાં, પ્રાચીન સમયમાં માનવભક્ષી લોક રહેતા હતા એ હકીકત સાથે કટાહ દ્વીપના માનવભક્ષી રાક્ષસની વાર્તા બંધબેસતી આવે છે.

ટોલેમી કટાહ અથવા કડાહ આ રીતે ઓળખાવે છે:[૨૬૩]

'----- At Koli the Greek and Arab routes first coincide, for, to quote his words, "I take this Koli to be the Kalah of the Arabs, which was a month's sail from Kaulam (Quilon) in Malabar, and was a place dependent on the Mahārājā of Zābaj (Java or the great Islands) and near which were the mountains producing tin----.'

આરબો કટાહને 'કલાહ' કહેતા અને ઈસ્વી સનની પહેલી અથવા બીજી સદીથી આઠમી સદી સુધી, ચીન જવાના દરિયાઈ માર્ગ પર કટાહ હતું એમ આરબોએ કટાહ વિશે કરેલા ઉલ્લેખની મેક્ક્રિન્ડલે નોંધ લીધી છે.

કટાહ વિશે પ્રો. આર. સી. મજુમદારે આ પ્રમાણે નોંધ આપી છે:[૨૬૪]

'Remains of the Brahmanical and Buddhist shrines and images of gods, some of which are of the Gupta style, have been found in Keddah, Perak and other places. Special mention may be made of

---

૨૬૩. McCrindle, J.W., Op. cit., pp. 200-201

૨૬૪. Majumdar, (Dr.) R.C., 'Ancient Indian Colonisation in South-East Asia', p. 31

a Cornelian seal found at Kuala Selinsing in Perak engraved with the name of a Hindu prince S'ri Visnuvarman, in characters of the fifth century A.D.. Slightly later in date is an inscription found near Keddah containing three verses, probably from a Sutra of the Madhyamika School.

લોકવાર્તા સાહિત્યના અભ્યાસી, વિદ્વાન પ્રો. પેન્ઝર દક્ષિણ ભારતના એક શિલાલેખનો ઉલ્લેખ કરી કહે છે:૨૫૫

'Tawney suggested that Kaṭāha might possibly be identified with Cathay, the mediaeval name of China. His surmise, however, has been proved incorrect: It has now been traced to Kedah, one of the unfederated Malay States, which was apparently known in Southern India as Kaḍāram or Kaṭāha.

The Chōḍa monarch, Rajendra Chōḍa 1 (A.D. 1012-1052) despatched several expeditions over the water to the East, probably in defence of Tamil or Telugu settlements on the east coast of Sumatra and on the west coast of southernmost Burma, the isthmus of Kra and Malaya. Among the inscriptions recording such events is one which tells of an expedition to Kaḍāram via Ma-Nakkavaram — i.e. the Nicobar Islands.-----'

૨૫૫ Tawney and Penzer, Op. cit., Vol-1, p-155

પ્રો. મજુમદારના મત પ્રમાણે, ચોથી કે પાંચમી સદીમાં, કરાહમાં ભારતીય સંસ્થાન હોવું જોઈએ. વળી, મહત્વના દરિયાઈ માર્ગ પર તે આવેલું હોઈ, ઈસ્વી સનની પહેલી સદીથી સાતમી કે આઠમી સદી સુધી તેનું મહત્વ હતું. પ્રો. પેન્ઝરના જણાવ્યા પ્રમાણે, કરાહમાં તામિલ કે તેલુગુ સંસ્થાનો હતાં અને તેના રક્ષણ માટે અગિયારમી સદીમાં રાજેન્દ્ર ચોલે સૈન્ય મોકલ્યું હતું. આમ, 'પંચદંડ'ના વાર્તાચક્રમાં સ્થાન પામેલ કરાહ ઐતિહાસિક અને ભૌગોલિક મહત્વ ધરાવતું હતું.

ક. પ્રતિષ્ઠાન :

ડૉ. ભોગીલાલ સાંડેસરાએ પ્રતિષ્ઠાન (પૈઠણ)નો આ રીતે પરિચય આપ્યો છે:[૨૯૬]

'મહારાષ્ટ્રમાં ગોદાવરીને કિનારે આવેલું પૈઠણ.

પ્રતિષ્ઠાન ગોદાવરી નદીના તટ પર આવેલું હતું. ત્યાં સાતવાહન રાજા રાજ્ય કરતો હતો. એનો અમાત્ય ખરક નામે હતો. સાતવાહન દર વર્ષે ભરુકચ્છ, જ્યાં નભોવાહન રાજા રાજ્ય કરતો હતો ત્યાં આક્રમણ કરતો હતો.

પ્રતિષ્ઠાનમાં જૈનોની મોટી વસ્તી હતી તથા રાજાનું વલણ પણ જૈનધર્મને અનુકૂળ હતું. આ નગરના સંઘ તથા રાજાના અનુમોદનથી કાલકાચાર્યે પર્યુષણ ભાદરવા સુદ પાંચમને બદલે ચોથે પ્રવર્તાવ્યું હતું. નિર્યુક્તિકાર ભદ્રબાહુ અને તેમના ભાઈ વરાહમિહિર આ નગરના બ્રાહ્મણકુમારો હતા.'

'પંચદંડ'માં, 'પ્રધાનની લઘુ પુત્રવધૂ' એ વાર્તાનું કેન્દ્ર પ્રતિષ્ઠાન છે. ગૌડ દેશમાંથી આવેલા ઇન્દ્રજાલિકોએ, પ્રતિષ્ઠાનના રાજા સમક્ષ માયાવી ઉદ્યાન રચી બતાવ્યું, એવો વાર્તામાં ઉલ્લેખ છે. બંગાળથી

૨૯૬. સાંડેસરા, (ડૉ.) ભો. જ., 'જૈન આગમસાહિત્યમાં ગુજરાત', પૃ.૧૦૭.

દક્ષિણ ભારતમાં આવવાનું સુગમ હશે, એમ ઇન્દ્રજાલિકની વાર્તા પરથી જણાય છે. ગૌડ દેશમાંથી કોંકણમાં આવી વસેલા બ્રાહ્મણો ગૌડ સારસ્વત કહેવાય છે, એ હકીકત છે. 'પંચદંડ'ની ઊમાદેની વાર્તા કે જેનો વિસ્તાર સોપારામાં થયો તે વાર્તાનું બ્રાહ્મણ કુટુંબ ગૌડ અને કામરૂપમાં પ્રવર્તતી તન્ત્રવિદ્યાની પરંપરા લઈ સોપારામાં આવ્યું હોવું જોઈએ, એવું અનુમાન અસ્થાને ન ગણાય.

વાર્તાસાહિત્યમાં, પૈઠણ-પ્રતિષ્ઠાનના ઉલ્લેખ વારંવાર આવે છે. 'નાગાર્જુન'ની વાર્તા સાથે સંકળાયેલ 'પ્રબન્ધકોશ'માંના 'આર્યનન્દિલ પ્રબન્ધ'નું મુખ્ય કેન્દ્ર પ્રતિષ્ઠાન છે. 'પ્રબન્ધચિન્તામણિ', 'પ્રબન્ધકોશ', 'પુરાતન પ્રબન્ધ-સંગ્રહ' આદિ પ્રબન્ધાત્મક કૃતિઓના પ્રબન્ધોની પ્રવૃત્તિઓનું કેન્દ્ર પ્રતિષ્ઠાન છે. 'કથાસરિત્સાગર'માં જેમ પાટલિપુત્ર, ઉજ્જયિની, તામ્રલિપ્તિ, સિંહલદ્વીપ આદિ વાર્તાનાં કેન્દ્ર તરીકે આવે છે તેમ પ્રતિષ્ઠાન પણ આવે છે. 'બૃહત્કથા'ના રચયિતા ગુણાઢ્યનું વતન પૈઠણ હતું અને તેની કૃતિ 'બૃહત્કથા' પૈઠણમાં રચાઈ હતી, એમ 'કથાસરિત્સાગર'માં ઉલ્લેખ છે.

પ્રતિષ્ઠાન (પૈઠણ) એ ભારતમાં પ્રાચીન નગરો પૈકીનું એક છે, અને ઈસવી સનની પહેલી સદી આસપાસ તે સાતવાહનોની રાજધાનીના નગર તરીકે જાણીતું થયું, તો તે પહેલાં પણ તેની જાહોજલાલી હોવી જોઈએ.

૭. કનોજ:

'પંચદંડ'ની બીજી વાર્તામાં, દમના ગણિકા વિક્રમને તામ્રલિપ્તિની રાજકુંવરીની રત્નમંજૂષા લાવવા આદેશ આપે છે. વિક્રમ તામ્રલિપ્તિ જઈ, રાજકુંવરીના સાત માળના મહેલમાં સાતમે માળે છુપાઈ ~~જાય છે, તેવામાં એક દૂતી, એક હંસી લઈને રાજમહેલ પાસે આવે છે.~~

અને તાળી વગાડી, રાજકુંવરીને રત્નમંજૂષા સાથે રાજમહેલની નીચે રાખી નાસી જવાનો સંકેત કરે છે. આ દૂત કનોજના રાજાનો હતો.

કનોજને પ્રાચીન સમયમાં કાન્યકુબ્જ કહેવામાં આવતું હતું. તે મધ્ય-કાલીન ભારતમાં, સમૃદ્ધ નગરો પૈકીનું એક હતું. કનોજના પ્રતિહાર-વંશીય (પડિયાર વંશના) રાજાઓ ભારતના ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. શ્રી ઉમાશંકર જોશીએ, કનોજની આસપાસનો પ્રદેશ કાન્યકુબ્જ કહેવાતો, એ તેની નોંધ કરી છે.[૨૯૭] જેમ અવન્તિ જનપદના નામ પરથી તેનું મુખ્ય નગર અવન્તિ કહેવાયું તેમ કાન્યકુબ્જના સંબંધમાં બન્યું હોય એ શક્ય છે. ડૉ. ભોગીલાલ સાંડેસરાએ, જૈન આગમ-વિષયક સાહિત્યમાં પ્રાપ્ત થતા ઉલ્લેખો પરથી, કાન્યકુબ્જ વિષે નીચે પ્રમાણે નોંધ આપી છે:[૨૯૮]

'---- કાન્યકુબ્જ નગરના આમ રાજા સાથે જૈન સૂરિનો 'ગોષ્ઠિ-પ્રબંધ' 'આવશ્યક સૂત્ર' ઉપરની મલયગિરિની વૃત્તિમાં છે. પ્રસ્તુત રાજા તે કાન્યકુબ્જનો પ્રતિહારવંશીય આમ રાજા અથવા નાગભટ બીજો (સં. ૮૬૪-૮૯૦ = ઇ.સ. ૮૦૮-૮૩૪) અને એ સૂરિ તે બપ્પભટ્ટિસૂરિ હોવા ઘટે. મોઢેરાથી કાન્યકુબ્જ અને કાન્યકુબ્જથી મોઢેરામાં બપ્પભટ્ટિસૂરિનાં પર્યટનો તથા આમ રાજા સાથેની તેમની ગોષ્ઠિ ઇત્યાદિનું વર્ણન 'પ્રભાવક ચરિત'-અંતર્ગત 'બપ્પભટ્ટિસૂરિચરિત'માં પ્રાપ્ત થાય છે.

આ કાન્યકુબ્જ એ નિઃશંક રીતે મધ્યકાલીન ભારતમાં સૌથી સમૃદ્ધ નગરો પૈકી એક હતું. 'સૂત્રકૃતાંગ સૂત્ર' ઉપરની શીલા-

૨૯૭. જોશી, શ્રી. ઉમાશંકર, 'પુરાણોમાં ગુજરાત'; પૃ. ૬૨

૨૯૮. સાંડેસરા, (ડૉ.) ભોગીલાલ જ., 'જૈન આગમ સાહિત્યમાં ગુજરાત', પૃ. ૩૬

ચારિત્રની વૃત્તિમાં ઉદ્ધૃત કરવામાં આવેલા એક હાલરડામાં, નરપુર, હસ્તકલ્પ, સિંહપુર, કુશિપુર, અયામુખ અને શૌરિપુરની સાથે કાન્યકુબ્જનો પણ નિર્દેશ છે. રડતા બાળકને, આ બધાં નગરોના રાજા તરીકે વર્ણવીને છાનું રાખવાનો પ્રયાસ એમાં છે.'

૮. સુવર્ણસંચયા નગરી (રત્નસંચયા નગરી):

'પંચદંડ'ની ઉમાદે ગોરાણીના ઉડણદંડની વાતમાં, ઉમાદે રાત્રે દંડ લઈ એક આમલીના વૃક્ષ પર ચઢે છે અને ઝાડને દંડ વડે ત્રણ ટકોરા મારતાં તે ઉડે છે; ઉમાદે ઝાડ સાથે સુવર્ણસંચયા નગરીમાં ઊતરે છે. આ નગરી, 'પંચદંડ'ની ગુજરાતી અને રાજસ્થાની કૃતિઓમાં 'રત્નસંચયા નગરી' તરીકે અને સંસ્કૃત કૃતિઓમાં 'સુવર્ણસંચયા નગરી' તરીકે ઓળખાવવામાં આવી છે. 'વસુદેવ-હિંડી'માં આ નગરીનો ઉલ્લેખ આ પ્રમાણે મળે છે:[૨૯૯]

'---- જેની ઉપમા ન આપી શકાય એવું દિવ્ય સુખ ત્યાં અનુભવીને ચ્યુત થયેલો અપરાજિત દેવ — આ જ જંબુદ્વીપમાં, પૂર્વવિદેહમાં, સીતા મહાનદીના દક્ષિણ કિનારે, મંગલાવતી વિજયમાં, રત્નસંચયા નગરીમાં ક્ષેમંકર નામે રાજા હતો----'

'રત્નસંચયા નગરી'નો ઉલ્લેખ 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર'માં[૩૦૦] પણ મળે છે. 'પંચદંડ'માં, આ નગરી કોઈ દ્વીપ પર આવી છે, એવું વર્ણન મળે છે. 'કથાસરિત્સાગર'માં સુવર્ણનગરી (The Golden City), આંદામાન, નિકોબાર કે પાસેના કોઈ નાના

---

૨૯૯. સાંડેસરા, (ડૉ.) ભોગીલાલ જ., 'વસુદેવ-હિંડી' (ગુજરાતી અનુવાદ), પૃ. ૪૩૨

૩૦૦. આચાર્ય હેમચન્દ્રાચાર્ય, 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર', પર્વ ૧-૨, (ગુજરાતી અનુવાદ), પૃ. ૩૦૨.

બેટ પર આવેલી હતી, એવો નિર્દેશ કરતી એક વાર્તા મળે છે; તેની રૂપરેખા આ પ્રમાણે છે:૩૦૧

વર્ધમાન નગરના પરોપકારિન્ રાજાની કનકરેખા નામની કુંવરીએ પ્રતિજ્ઞા કરી હતી કે, જે કોઈ બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય જાતિના યુવાને સુવર્ણ-નગરી જોઈ હોય તેને તે પરણશે. આવી પ્રતિજ્ઞા સાંભળી, દ્યૂત રમવાથી જેણે પોતાની સર્વ સમૃદ્ધિ ગુમાવી હતી એવા શક્તિદેવ નામના બ્રાહ્મણે કુંવરી પાસે જઈ, ખોટી રીતે કહ્યું કે, મેં સુવર્ણનગરી જોઈ છે. કુંવરીએ સુવર્ણ-જવાનો માર્ગ પૂછતાં, શક્તિદેવ તે બરાબર બતાવી શક્યો નહિ; આથી કુંવરીએ તેને કાઢી મૂક્યો. અપમાન પામેલો શક્તિદેવ હવે ખરેખર સુવર્ણ-નગરી જવા નીકળ્યો, અને તે શોધતો શોધતો, વર્ધમાનથી વિંધ્યાચળ પર્વતમાળાનાં જંગલોમાં થઈ, કામ્પિલ્ય પ્રદેશમાં થઈ, વિટંકપુર નામના દરિયાઈ બંદરે ગયો; ત્યાંથી એક વેપારીના વહાણમાં ઉત્સ્થલ નામના દ્વીપમાં ગયો, જ્યાં નિષાદ લોકો (માછીમાર જાતિ, પ્રાક્-ઐતિહાસિક કાળની એક અનાર્ય જાતિ)નો ધનવાન રાજા સત્યવ્રત રહેતો હતો. આ સત્યવ્રતે શક્તિદેવને નજીકના કોઈ ટાપુ પર સુવર્ણનગરી હોવાનું કહ્યું. એક રાતે, મોટા પક્ષીઓની પાંખ પર બેસી, શક્તિદેવ સુવર્ણનગરી પહોંચ્યો.

"Ancient India as described by Ptolemy"માં, ભૌગોલિક મહત્વનાં સ્થળોની સમીક્ષા કરતાં, મેક્ક્રીન્ડલે Bangakala, Barousai Islands, Saladeibai Islands આદિ દ્વીપને આન્દામાન-નિકોબાર દ્વીપ પાસેના નાના ટાપુઓ તરીકે ઓળખાવ્યા છે. તે ટાપુઓમાંના એક ટાપુ —The Island of Iabadiosને સુવર્ણ ઉત્પન્ન કરનાર દ્વીપ તરીકે વર્ણવેલો છે. Barousai Islands વિષે મેક્ક્રીન્ડલ લખે છે:૩૦૨

"The (Arab) navigators," says Yule in his notes

૩૦૧. Tawney and Penzer, Op. cit., Vol. II, pp. 170-230

૩૦૨. McCrindle, J.W. Op. cit., pp. 236-239

already referred to, "crossing the sea of Harkand with west monsoon, made land at the islands of Langa-Lanka, or Lika-Bālus, where the naked inhabitants came off in their cannoes bringing ambergris and cocoanuts for barter, a description which with the position identifies these islands with Nicobars, Nekavaram of Marco Polo, Lanka-Vāram of Rashidu'd-din, and, I can hardly hesitate to say, with the Barusae Islands of Ptolemy."

'પંચદંડ'માં ઉલ્લેખાયેલ સુવર્ણસિંચયા અથવા રત્નસંચયા નગરીનું નામ, અજ્ઞાત ગુજરાતી ગદ્યકારકૃત 'પંચદંડ'ની વાર્તામાં લંકા આપેલું છે, અને તે રીતે જોઈએ તો Barousai Islands એ જ લંકા હોય. આ લંકા દ્વીપ પરની કોઈ સમૃદ્ધ નગરીને, 'કથાસરિત્સાગર' અને 'પંચદંડ'ના વાર્તાકારોએ સુવર્ણનગરી તરીકે ઓળખાવી હોય એ શક્ય છે. લંકા એ હાલનું સિલોન નહિ, પણ આન્દામાન-નિકોબાર પાસેની, હ્યુએનસંગે નોંધેલી કામલંકા. એ વિષે શ્રી કે. એલ. બારૂઆ લખે છે:[303]

'In one of the aphorisms of Dāk, who is placed about the eight century A.D., mention is made of the profitable trade with the people of Lankā. Probably this Lankā is not to be identified with Ceylon but with the country on the Burma coast which Yuan Chwang

303. Barua, K. L., 'An Early History of Kāmarupa', p. 189

named Kāmalankā and which, according to him, lay to the South-east of Samatata on a bay of the sea. Perhaps traders from Champā, Kāmarupa and Vanga visited this coast for purposes of trade.

આ ચર્ચાના અંતે એટલું કહી શકાય કે, સુવર્ણગિરી આન્દામાન-નિકોબાર ટાપુઓ પાસેનો કોઈ ટાપુ પરની નગરી હતી.

પંચદંડના વાર્તિકમાં, ઉપર્યુક્ત ભૌગોલિક મહત્વ ધરાવતાં નગરો સિવાય, પાતાલ અને કામરૂપ એ પ્રદેશોના ઉલ્લેખ મળે છે.

૯. પાતાલ:

પંચદંડમાં નાગલોકના પાતાલપ્રદેશનો ઉલ્લેખ થયેલો છે. આ પ્રદેશ સામાન્ય રીતે નીચાણવાળો પ્રદેશ હોય છે; તેને અંગ્રેજીમાં Netherland કહી શકાય. હિંદુ પૌરાણિક માન્યતા પ્રમાણે સાત પાતાળની કલ્પના અસ્તિત્વ ધરાવે છે; કદાચ એવા સાત નીચાણવાળા પ્રદેશને માટે સાત પાતાલની માન્યતા પ્રચલિત થઈ નહિ હોય?

ટોલેમીના પ્રાચીન ભારતની ભૂગોળ વિષેના નિર્ણયોની સમીક્ષા કરનાર મૅક્રીન્ડલ કહે છે કે,[૩૦૪] કરાંચી પાસે જ્યાં સિન્ધુ સમુદ્રને મળે છે, ત્યાં તે બે પ્રવાહમાં ફંટાઈને મળે છે અને પ્રવાહ ફંટાવાથી વચ્ચે બનેલા ડેલ્ટા પ્રદેશને તે પાતાલ કહે છે. તો પછી ગંગા, યમુના અને બ્રહ્મપુત્રા, જ્યાં બંગાળના ઉપસાગરને મળે છે ત્યાં જે ડેલ્ટા પ્રદેશ બનેલો છે તે પણ પાતાલ કહેવાય છે એમ મૅક્રીન્ડલે તેની નોંધ લીધી નથી. પ્રો. અક્ષયકુમાર મજુમદાર ગંગા, યમુના અને બ્રહ્મપુત્રાના ડેલ્ટા પ્રદેશને જ નહિ, પણ તેની આજુબાજુ આવેલ કેટલાક પ્રદેશોને પણ પાતાલ તરીકે ઓળખાવે છે.

---

૩૦૪. McCrindle, J.W., Op. cit., pp. 146-147

તેઓ કહે છે:[૩૦૪]

'The deltas of the Ganges and Brahmaputra were called the Anupa Desa i.e. Low Lands, later Samatata. This included the entire Presidency Division, Faridpur, Barisal, Noakhali, Tippera and Viramapur. Dacca and Mymensingh then formed a part of Pundra Vardhana or Kamarupa.

× × × × ×

The Mahabharat gives us a short Geography of Far East India. We already spoken of the Anupa Desa i.e. Netherlands. The eastern most parts were also called Patala i.e. Lower Province, as the lands here were almost on the sea-level, from which the later name of Samatata. Hill Tippera and the Hill Tracts about Chittagong were called Naga-Loka. An arm of the bay of Bengal then extended upto Sylhet and Cachar, Manipur was not far from the bay. Arjuna reached Manipur, going through the sea-coast.'

આમ, 'મહાભારત'માં વર્ણવાયેલ નાગલોકનો પાતાલપ્રદેશ તે પ્રો. અક્ષયકુમાર મજુમદારે દર્શાવેલા બંગાળ અને આસામના કેટલાક જિલ્લાઓ હોય, એમ બને.

૧૦. કામરૂપ:

પ્રાચીન સમયથી કામરૂપ ભારતીય પરંપરામાં પ્રસિદ્ધ છે. તેનું એક

---

૩૦૪. Mazumdar, A.K., 'The Hindu History', pp. 422-423

નામ પ્રાગ્જ્યોતિષ પણ હતું. કામરૂપ નામ, પ્રાચીન સમયથી ત્યાંના લોકોમાં માનભેર પુજાતી કામાખ્યા દેવી સાથે સંબંધ ધરાવતું હોય એ શક્ય છે. ઘણા જૂના સમયથી આ પ્રદેશ, જાદુ, મંત્ર, તંત્ર, સિદ્ધવિદ્યા અને રસવિદ્યાના અધ્યયન-અધ્યાપન માટે જાણીતો છે. મત્સ્યેન્દ્રનાથ જેવા તો આ પ્રદેશના વતની હતા અને તેઓએ નેપાલ અને તિબેટમાં તન્ત્રવિદ્યાનો પ્રચાર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. 'પંચદંડ', 'સિંહાસનબત્રીસી' અને 'વેતાલપચીસી'ની વાર્તાઓના ઘડતરમાં કામરૂપ, નેપાલ, તિબેટ અને આજુબાજુના પહાડી ટેકરીઓના પ્રદેશ (નાગા, ખાસી અને ગારો ટેકરીઓ-માં પ્રચલિત તંત્રવિદ્યા, સિદ્ધવિદ્યા અને રસવિદ્યા (Alchemy)ની પરંપરા-એ ફાળો આપ્યો હોય એમ તે વાર્તિકોની વાર્તાઓના સ્વરૂપ પરથી જણાય છે. નવાઈની વાત તો એ છે કે, ઉપર્યુક્ત વાર્તાઓની સામગ્રી કામરૂપ અને તેની આસપાસના પ્રદેશો સાથે સંબંધ ધરાવે છે છતાં તે પ્રદેશો પૈકી કોઈનો સ્પષ્ટ ઉલ્લેખ તે વાર્તિકોમાં મળતો નથી. 'પંચદંડ'ની વાર્તામાં ફક્ત લક્ષ્મીવલ્લભગણિએ વાર્તાનું કેન્દ્ર કામરૂપ દર્શાવ્યું છે.

શ્રી કે. એલ. બારૂઆ[૩૦૬], કામરૂપની પ્રાચીનતા પરત્વે, મહાભારતના સમયમાં થઈ ગયેલા કામરૂપના રાજા ભગદત્તનો ઉલ્લેખ કરી જણાવે છે કે, ભગદત્ત જ્યારે મહાભારતના યુદ્ધમાં પાંડવો સામે લડ્યો ત્યારે તેના સૈન્યમાં કિરાત અને ચીન જાતિના પણ સૈનિકો હતા. પ્રો. અક્ષયકુમાર મઝુમદાર નોંધે છે કે[૩૦૭], ઈ.સ. પૂર્વે ૧૪૦૦માં નરકાસુર રાક્ષસ આ દેશમાં થઈ ગયો, અને તેણે, કામાખ્યા માતાના દર્શનાર્થે ત્યાં આવેલા વસિષ્ઠનું અપમાન કરતાં, કૃષ્ણે તેના પર ચઢાઈ કરી તેને માર્યો અને તેના પુત્ર ભગદત્તને ગાદીએ બેસાડ્યો. 'પંચદંડ'માં ઉમાદે ગોરાણી જે ૬૪ યોગિનીઓને મનુષ્યબલિદાન આપવા ઇચ્છતી હતી તેમાંની એક કામાખ્યા

૩૦૬. Barua, K. L., 'An Early History of Kāmarupa', pp 1-2

૩૦૭. Mazumdar, A. K., Op. cit., p. 422.

પણ ગણાવેલી છે.

ઓ. ગેઈટ કામરૂપ વિશે જણાવે છે:૩૦૮

"The name Pragjyotishpur is interesting in connection with the reputation which the country has always had as a land of magic and incantation and with the view that it was in Assam that the Tantric form of Hinduism originated."

આવા કામરૂપ દેશની પરંપરા 'પંચદંડ'ની વાર્તાઓના પટમાં સુંદર રીતે વણાઈ ગયેલી છે.

ગાંછા અને નાગ જાતિઓ:

ગાંછા:

'પંચદંડ'ના વાર્તાચક્રમાં ગાંછા અને નાગ એ બે જાતિઓના ઉલ્લેખ મળે છે. આખા વાર્તાચક્રને એકસૂત્રથી સાંધનાર દમની અને દેવદમની એ બે પાત્રો ગાંછા જાતિનાં છે. દમનીનું નામ શુભશીલગણિએ નાગદમની રાખ્યું છે, જ્યારે લક્ષ્મીવલ્લભગણિએ તેને દૈત્યદમની તરીકે ઓળખાવી છે. આખા વાર્તાચક્રમાં, દમની ઉમાદે ગોરાણી, તામ્રલિપ્તાની રાજકુંવરી રત્નમંજરી, પુરોહિતપુત્રી ગોમતી અને તેની સખીઓ જયતૂ, હરતાલી, હરણી અને નાગકન્યાને ઓળખે છે. લક્ષ્મીવલ્લભગણિએ દમનીને દેવરમણ નામના વાંસફોડાની સ્ત્રી તરીકે ઓળખાવી છે. વિક્રમ જેવા સમ્રાટને પણ પડકારનારી આ તેજસ્વી સ્ત્રીનો મોટો મહેલ, ઉજ્જયિનીના ગાંછાવાડમાં આવેલો હતો, એમ દેવમૂર્તિએ તેમની કૃતિમાં વર્ણન કર્યું છે. આ ગાંછા વાંસફોડા જાતિ વિશે વિવિધ સાહિત્યિક ઉલ્લેખો પરથી નીચે પ્રમાણે

૩૦૮. ~~Gait's~~ Gait's History of Assam p-15, as quoted by shri K. L. Barua in his work 'An Early History of Kamarupa'.

ચર્ચા કરી છે:

'ગાછા' એ આર્યેતર શબ્દ જણાય છે; તે સંસ્કૃત તો નથી, પણ સંસ્કૃત કૃતિઓમાં તેનું છાયારૂપ (Back-formation) મળે છે. આ સંબંધે ડૉ. સુનીતિકુમાર ચેટરજીએ कीचक નામના ચીનાઈ વાંસની એક જાતનો ઉલ્લેખ કર્યો છે તે આ પ્રમાણે છે:[309]

'----कीचक (એક પ્રકારનો વાંસ); આ શબ્દ જૂના ચીનાઈ Ki-tsök ('કી' જાતનો વાંસ) ઉપરથી આવેલ છે.'

ડૉ. ભોગીલાલ સાંડેસરાએ कीचक શબ્દ અંગે આ પ્રમાણે નોંધ આપી છે:[310]

'----ભાગ્યે कीचक શબ્દ જે 'એક પ્રકારના વાંસ' માટે વપરાય છે. ચિનાઈ બનાવટની વાંસળીઓ ચીનથી ભારતમાં અને મધ્યએશિયામાં ઈ.સ. પૂર્વે ૨૦૦ શતાબ્દી જેટલા પ્રાચીન કાળમાં જતી હતી. એટલે વાંસની બનાવટ સાથે 'વાંસ'નો વાચક શબ્દ પણ આપણી ભાષામાં આવે એ સ્વાભાવિક છે. ----'

ચીન અને ભારતની સરહદો ભારતના ઈશાન ખૂણે લગોલગ આવેલી છે. એટલે જો कीचक શબ્દ ચીનમાંથી ભારતમાં આવ્યો તો વાંસની વસ્તુઓ (ટોપલા, વાંસળી આદિ) બનાવનાર વાંસફોડાની કોઈ જાતિ ચીનમાંથી ભારતમાં આવી હોય એ એક અનુમાન વિચારવા જેવું છે. આસામની નાગા, ગારો, ખાસી ટેકરીઓ પૈકી ખાસી ટેકરીઓમાં (કારણ કે, ધ્વનિપ્રક્રિયાની દૃષ્ટિએ कीचक–काचिक–खासी–गाच्छिक એ શબ્દો સામ્ય ધરાવે છે.) વાંસફોડાની જાતિ સ્થળાંતર કરી આવી હોય અને ત્યાંથી હાલ ગાછા નામથી ઓળખાતી ભારતના આર્યેતર ક્રમ આવી હોય એ મુદ્દો ઊંડાણપૂર્વક તપાસવાની જરૂર છે. ગ્રિયર્સને Linguistic

309. સાંડેસરા, (ડૉ.) ભો. જ. (અનુવાદક): 'ભારતીય આર્યભાષા અને હિન્દી', પૃ-૧૦૦

310. ~~સાંડેસરા, (ડૉ.) ભો.જ., 'શબ્દ અને અર્થ', પૃ-૧૩૮~~

Survey of India, Vol. V, Part-I, II માં, આસામ, બંગાળ, ઓરિસ્સા, અને બિહારના પ્રાંતોની જુદી જુદી બોલીઓના નમૂના આપ્યા છે તેમાં 'ગાચ', 'ગાછ'નો અર્થ વૃક્ષ થાય છે. 'गाच्छिक' શબ્દ અંગે ડૉ. પ્રબોધ પંડિતે, તેઓના ડેક્કન કૉલેજ, પૂનાથી લખેલા તા. ૫-૧૧-'૫૮ના પત્રમાં આ પ્રમાણે સમજૂતિ આપી છે:

"गान्छिका (Gāñchika): મને લાગે છે કે પાઠ બરાબર નથી; गाच्छिकः હોવું જોઈએ; અથવા તો गाच्छिकः નું સંસ્કૃતીકરણ કરવાનો પ્રયત્ન હોવો જોઈએ. गाछ અને गाछी (Gāch, Gāchī) બિહારી બોલીઓમાં જુદા જુદા પણ સમાન અર્થમાં મળે છે. North East-Tirhut dialect: Gāchī = sprout; First-appearance of a plant. ગંગાની ઉત્તરે અને શાહાબાદમાં પણ વૃક્ષના ઝૂંડને गाछ કહે છે."

આમ તો ગુજરાતની સર્વ બોલીઓમાં સમૃદ્ધ લીલા રંગનો દ્યોતક 'કચ' શબ્દ વપરાય છે; જેમ કે 'લીલું કચ'. તો એમ બનવા જોગ છે કે, 'ગાછ' શબ્દનો 'કુંપળો', 'છોડના પ્રથમ ફૂટેલા ફણગા અથવા અંકુર' એ અર્થ 'કચ' શબ્દમાં ઊતર્યો હોય અથવા મૂળ 'કચ' શબ્દ હોય અને તેમાંથી 'ગાચ', 'ગાછ', 'ગાછો' આદિ શબ્દોમાં ઉપર્યુક્ત અર્થવ્યાપ્તિ થઈ હોય. આ બન્ને વિકલ્પોમાંથી એક હોય તો પણ બન્ને શબ્દો એક જ અર્થના — 'કુંપળો', 'છોડના પ્રથમ ફૂટેલા ફણગા અથવા અંકુર' — ના દ્યોતક છે. એવો સંભવ છે કે, લીલા વાંસનાં ઝૂંડનો સમૃદ્ધ આકર્ષક લીલો રંગ (કારણ કે कीचक = વાંસ છે) 'કચ', 'ગાચ', અને 'ગાછો'ની અર્થવ્યાપ્તિ માટે કારણભૂત હોય. મોનિયર વિલિયમ્સે[૩૧] 'Kacapa' — 'કચપ' શબ્દનો અર્થ 'ઘાસ, પાંદડું' એવો આપ્યો છે. 'बृहत् हिन्दीकोश'માં પણ એ જ અર્થ

૩૧ 'Monier Monier-Williams, 'A Sanskrit-English Dictionary', First edition (reprinted), 1956.

આપેલો છે.[392] 'ભગવદ્ગોમંડલ'માં[393] 'કચ્' = 'કૂડ' શબ્દ મળે છે. પ્રો. એજર્ટને 'કાચિ' શબ્દની નોંધ કરી છે અને 'કાચિ'નો અર્થ 'કોઈ જાતિ કે પ્રદેશનું નામ' જણાવે છે. તેઓએ શબ્દકોશમાં તેના અંગે જે નોંધ લખી છે તે આ પ્રમાણે છે:[394]

> '? Kāci, pl. adopted by Lévy May 68 (Kāciṣu, loc.) as n. of a people or region, but apparently by his own em.; if I understand him, all his mss. and Chin. and Tib. transl. vary (Kāca, Kāśī, Kāñci etc.). Since this form seems unrecorded, it would seem better to have adopted some form supported by at least one authority.'

'An Index to the Names in the Mahabharat'માં, એસ. સોરેન્સને મહાભારતમાંનાં કેટલાંક નામ આપેલાં છે તે આ ચર્ચાને ઉપકારક થાય એવાં છે; તે નીચે પ્રમાણે છે:[395]

Kaccha, Pl. = A people; Kāçi, Pl. = A people;
Kāçika, Pl. = A people; Khaça or Khasa, Pl. = a barbarous people.
Kīcaka = The Senāpati and brother-in-law of Virāṭa.
Kīcakaḥ = a tribe or family

કાલિદાસની કૃતિઓમાં, 'कीचक' શબ્દ 'વાંસ'ના અર્થમાં બહોળા

---

392. 'बृहत् हिन्दीकोश', શ્રી કાલિકાપ્રસાદ રાજવલ્લભ સહાય અને શ્રી મુકુન્દીલાલ શ્રીવાસ્તવ-સંપાદિત, બનારસ, ૧૯૫૩
393. ભગતસિંહજી, 'ભગવદ્ગોમંડલ', ગોંડલ ૧૯૪૮.
394. Edgerton, Franklin, 'Buddhist Hybrid Sanskrit Grammar and Dictionary', Vol. II, New Haven, 1953
395. Sörensen, S., 'An Index to the Names in the Mahabharat', 1904

પ્રમાણમાં વપરાયેલો છે. એસ. સોરેન્સને 'મહાભારતના 'કીચકવધપર્વ'માંથી એક અવતરણ આ પ્રમાણે આપ્યું છે:

'--- Matsyāns Trigartān Pañcālān Kīcakān antareṇa, the Pāṇḍavas went to Ekacakāra — 551 (Kīcaka-vadhap.) ---'

આ ઉપરથી એમ ફલિત થતું લાગે છે કે, પાંચાલ પ્રદેશ પાસેના કીચક પ્રજાના પ્રદેશમાં થઈને પાંડવો એકચક્રા નગરીમાં ગયા. એટલે કીચકપ્રજાનો પ્રદેશ અસ્તિત્વ ધરાવતો હોવો જોઈએ. શ્રી ઉમાશંકર જોશીએ[315] 'મત્સ્યપુરાણ' અને 'બ્રહ્માંડપુરાણ'માંના અનુક્રમે 'કારછીક' 'કચ્છિકા' શબ્દોને કચ્છ પ્રદેશ તરીકે ગણાવ્યા છે, પણ ખરેખર તો મહાભારતકાર જે કીચક પ્રજાના પ્રદેશનું સ્થાન આપે છે તે સ્થાન 'કારછીક' અને 'કચ્છિક'નું હોય, એમ સન્દર્ભ પરથી જણાય છે. એટલે તે શબ્દો કચ્છ પ્રદેશ નહિ પણ કીચકપ્રજાનો પ્રદેશ કહેવો હોય તો કહી શકાય. આનો એક સંશોધનક્ષમ મુદ્દો ઊભો થાય છે કે, વૈરાટ રાજાના ૧૦૫ સાળા, મત્સ્યપ્રદેશ પાસેના કીચકપ્રજાના પ્રદેશના હતા કે કેમ? જો એમ હોય તો કીચક પ્રજા એ ભારતમાં પ્રચલિત થયેલી ગાંઠાપ્રજા, વાંસજોડાની જાતિ સાથે કંઈ સામ્ય કે સંબંધ ધરાવે છે કે કેમ એ વિચારવા જેવું છે.

ઉપર્યુક્ત ચર્ચાના અંતે, માત્ર સૂચનરૂપે એમ કહી શકાય કે, ગાંઠાપ્રજા ભારતના ઈશાન ખૂણામાંથી આ દેશમાં આવી હશે; કદાચ તે આર્યેતર પરદેશી પ્રજા હોય. ગુપ્તકાળમાં, કાલિદાસની કૃતિઓમાં ઘણા પ્રમાણમાં પ્રયોજાયેલ 'કીચક'='વાંસ' શબ્દ એમ અનુમાન કરવા પ્રેરે છે કે તે પ્રજા ગુપ્તકાળ પહેલાં આ દેશમાં આવી હોય. મહાભારતકારે ઉલ્લેખેલ

૩૧૫. જોશી, શ્રી ઉમાશંકર, 'પુરાણોમાં ગુજરાત', પૃ.૭ પરની નોંધ ૨.

૧૦૫ ફીરાફનાઈઓ અને ફીરાફગ્રામ એ ગાંછાગ્રામ સાથે સામ્ય ધરાવતાં હોય તો ગાંછાગ્રામ આ દેશમાં ઈ.સ.પૂર્વે પાંચમાથી પહેલી સદી સુધીમાં આવી હોય એમ માનવું પડે.

અહીં એક હકીકત નોંધવી ઉચિત છે કે 'ગાંછા' શબ્દનો સાહિત્યિક ઉલ્લેખ 'પંચદંડ'ના વાર્તાચક્ર સિવાય અન્ય કોઈ સંસ્કૃત કે પ્રાકૃત કૃતિઓમાં ખાસ મળતો નથી; જો કે એના ઉલ્લેખો અપ્રસિદ્ધ સાહિત્યમાંથી મળે એ જરાયે અસંભવિત નથી. આચાર્ય હેમચન્દ્રાચાર્યે 'દેશીનામમાલા'માં[૩૧૭] 'ગંછ', 'ગંછઓ' શબ્દ (सं. वरूडः) વાંસફોડાના અર્થમાં આપ્યો છે, તે પ્રાકૃત સાહિત્યમાં એ શબ્દનો પ્રચાર બતાવે છે. 'દેશીનામમાલા'નો ઉલ્લેખ કરી 'पाइअसद्दमहण्णवो'[૩૧૮] શબ્દકોશમાં 'ગંછ' 'ગંછય' = 'વરુડ; 'એ નામની એક મ્લેચ્છ જાતિ, એવો અર્થ આપેલો છે. આ કયા પ્રદેશનો દેશ્ય શબ્દ છે એ કોઈ કોશકારે આપ્યું નથી. વળી, પ્રાકૃત ભાષાના બૃહત્કોશ 'અભિધાનરાજેન્દ્ર'માં તો આ શબ્દ જ આપેલો નથી.

'પંચદંડ'વિષયક કૃતિઓમાં 'ગાંછા', 'ગાંછિણિ' શબ્દો અનેક વાર વપરાયા છે, એટલે તે પ્રયોગની વાસ્તવિકતા વિશે મુદ્દલ સંદેહ નથી; પણ એકમાત્ર શામળની 'પંચદંડ'ની રચનામાં 'ગાંછણ'ને બદલે 'ઘાંચણ' શબ્દ જ મળે છે. (અત્યારે લોકપ્રચલિત વાર્તામાં પણ લોકમુખે 'ઘાંચણ' શબ્દ વપરાય છે.). એ બતાવે છે કે શામળના સમય પહેલાં 'ગાંછા' 'ગાંછિણ' જેવા શબ્દોના અર્થો ગુજરાતમાં ભુલાઈ ગયા હતા અને તેથી તેના સ્થાને મળતો શબ્દ મુકાઈ ગયો હતો.

નાગપ્રજા :

જૈન તેમ જ હિન્દુ પૌરાણિક સાહિત્યમાં નાગપ્રજા વિશે થોકબંધ

૩૧૭. Banerjee, Muralydhar, 'The Deśīnāmamālā of Hemacandra (2-84), p. 84

૩૧૮. પંડિત, હરગોવિન્દદાસ ત્રિ. શેઠ, 'पाइअ-सद्द-महण्णवो', પ્રથમાવૃત્તિ, ૧૯૨૩

ઉલ્લેખ મળે છે. પ્રો. મોરિસ બ્લૂમફિલ્ડે પાર્શ્વનાથનો સમય ઈ.સ.પૂર્વે આઠમી સદી આપ્યો છે;[319] અને પાર્શ્વનાથ જ્યારે કૌશામ્બી પાસેના જંગલમાં કાયોત્સર્ગ દશામાં ઊભા હતા ત્યારે ધરણેન્દ્ર નાગે સૂર્યના તાપમાંથી તેમનું રક્ષણ કરવા ત્રણ દિવસ સુધી તેમના માથે છત્ર ધર્યું હતું.[320] 'વસુદેવ-હિંડી'માં,[321] નાગરાજ ધરણે, નમિ અને વિનમિને, ગાન્ધર્વો અને પન્નગોની ૪૮૦૦૦ વિદ્યાઓ આપી, એ પ્રમાણે વર્ણન મળે છે. મહાભારતમાં જેનો ઉલ્લેખ કરાયેલો છે તેવા દધિકર્ણ નાગનું શિલ્પ[322] મથુરા મ્યૂઝિયમમાં છે. ઈ.સ.ના પૂર્વે પહેલા બીજા સૈકામાં વિદિશામાં શેષ, ભોગિન્, રામચન્દ્ર, ધર્મવર્મન આદિ નાગરાજાઓ થઈ ગયાની નોંધ પ્રો. કે.પી. જયસ્વાલ આપે છે; ઈ.સ.ના પહેલા, બીજા સૈકામાં મથુરામાં ભારશિવ નાગરાજાઓ થઈ ગયા તેની ચર્ચા પણ પ્રો. જયસ્વાલે કરી છે.[323] ભારતભરમાં, નાગપુર, છોટા-નાગપુર, નાગોર, અહિચ્છત્રપુર આદિ સ્થળો નાગવસાહતો હોવાનું સૂચન કરે છે. ટાંક રજપૂતોની જાતિ તક્ષક > ટક્ક નાગના વંશમાંથી ઊતરી આવી હોય એ સંભવ છે. આ સર્વ ઉલ્લેખો પરથી જણાય છે કે, નાગ એ સાપ ન હતા, પણ પ્રાગ્-ઐતિહાસિક કાળથી ચાલી આવતી એક જીવતી જાગતી પ્રજા હતી. મહાભારતમાં, પરીક્ષિતને નાગ ડસ્યાની વાત મળે છે. અને તેનાથી ગુસ્સે થઈ તેના પુત્ર જનમેજયે સર્પસત્ર કર્યો, એ આખા પ્રસંગ પરથી નાગ અને આર્ય પ્રજા વચ્ચે મહાન વિગ્રહ થયો હશે એમ જણાય છે.

'પંચદંડના વાર્તાચક્રની સંસ્કૃત, જૂની ગુજરાતી અને રાજસ્થાની સર્વ કૃતિઓમાં 'વિષાપહાર દંડ'ની વાર્તા મળે છે. દમની ગાથણ વિક્રમને આદેશ આપે છે કે, ઉજ્જયિનીના વિશ્વરૂપ પુરોહિતને તારે દાન આપવું. વિક્રમે પુરોહિતને દાન આપવાનો પ્રયત્ન કર્યો પણ તેણે તે સ્વીકાર્યું

319 Bloomfield, M., 'The Life and Stories of the Jaina Savior Pārçvanātha', preface, p. IX.

320. ઉપર્યુક્ત, પૃ-૧૦

321. સાંડેસરા, (ડૉ.) ભો.જ., 'વસુદેવ-હિંડી', પૃ-૨૧૨

322. Mathura Museum Antiquity No 1610; 'Sculpture of Dadhi-Karna Nag' found from Yamuna.

323. Jayaswal, K.P., 'History of India', pp.1-20

નહિ- રાત્રે નગરચર્યા જોતાં જોતાં, વિક્રમે પુરોહિતપુત્રી ગોમતીને તેની સખીઓ સાથે પાતાલમાં નાગરાજાની (કેટલીક કૃતિઓમાં નાગવાસિયાની પુત્રી આપી છે.) પુત્રીના લગ્નપ્રસંગે મહાલવા જતી જોઈ. વિક્રમ સેવક તરીકે પાતાલમાં તેઓની સાથે ગયો અને યુક્તિપ્રયુક્તિથી, નાગકન્યા, ગોમતી આદિને પરણ્યો અને નાગરાજા પાસેથી વિષાપહાર દંડ મેળવ્યો.

પ્રો- અક્ષયકુમાર મજુમદારે બંગાળા અને આસામના કેટલાક પ્રદેશોને પાતાલ તરીકે ઓળખાવ્યા છે.[324] આ પ્રદેશમાં નાગજાતિ વસતી હતી એમ 'વસુદેવ- હિંડી',[325] ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર',[326] 'મહાભારત' આદિ પૌરાણિક આધારોથી જણાય છે. અર્જુનની નાગપત્ની ઉલૂપીનો પુત્ર બભ્રુવાહન મણિપુરનો રાજા હતો. 'પંચદંડ'ની વિષાપહાર દંડની વાર્તામાં નાગલોક અને તેમનો પ્રદેશ પાતાલ હતો, એ દર્શાવે છે કે ભારતના ઈશાન ખૂણામાં આ વાર્તાનું કેન્દ્ર હોવું જોઈએ. 'વિષાપહાર દંડ' એ વિષ ઉતારવા માટેનું કાકિણીરત્ન જેવું કોઈ રત્ન અથવા નાગદમની[327] જેવી કોઈ ઔષધિ હોય, અને તેની આસપાસ અદ્ભુત શક્તિનો સ્વાંગ ચઢાવવામાં આવ્યો હોય. નાગરાજા પાસે વિષાપહાર દંડની કલ્પના, તેઓ સાપ હતા એ ખ્યાલમાંથી વિકસી હોય એ શક્ય લાગતું નથી; પણ પ્રાચીન સમયમાં રાજાઓ શત્રુપક્ષને મહાત કરવા ઝેરનો ઉપયોગ કરતા હોય અને તેના પ્રતિકારરૂપ કોઈ ગૂઢ ઔષધિની સહાયથી ઝેર દૂર કરાતું હોય, એ અશક્ય નથી.[328] દુર્યોધને ઝેરના લાડુ ખવડાવી, ભીમને બેભાન બનાવી યમુનામાં ફેંકી દીધેલો; તણાતો તણાતો તે પાતાલ-માં — ગંગાના ડેલ્ટા પ્રદેશમાં — આવ્યો અને ત્યાંના નાગોએ તેનું ઝેર

324. Majumadar, A.K., Op. cit., pp. 422-23.
325. સાંડેસરા, (ડૉ.) ભો. જ., 'વસુદેવ-હિંડી', પૃ. ૩૯૫
326. આચાર્ય હેમચન્દ્રાચાર્ય, ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર', પર્વ ૧-૨, પૃ. ૧૦૭, ૩૨૦-૨૧
327. એ જ, પૃ. 132
328. એ જ, પૃ. ૩૨૦ : '.... એ કે રત્નની શક્તિ, રાગ્નિ, ઝેર, મંત્ર, જપ અને તંત્રવિદ્યાથી અગોચર છે...'

દૂર કરવાના ઉપાય તરીકે ઔષધિ કે રત્ન જેવું કંઈ હશે.

'પંચદંડ'ની વિષાપહાર દંડની વાર્તા નાગપૂજા અને પાતાલ વિષેની આપણી કેટલાક પૌરાણિક ધારણાઓને સાચા સ્વરૂપમાં સમજવા સહાયરૂપ થાય તેમ છે.

ઉપર્યુક્ત નાગપૂજા અને ગણપૂજા વિષેની ચર્ચાથી એમ ફલિત થાય છે કે, 'પંચદંડ'ની વાર્તાઓ બીજરૂપે ભારતના ઇશાન ખૂણામાં અંકુર પામી હશે; હાલ પ્રાપ્ત થતું તેનું કથાસ્વરૂપ અનેક ફેરફારો પછીનું જણાય છે.

વિષાપહાર દંડની વાર્તામાં મળતો 'ચંગેરિકા' શબ્દ નોંધપાત્ર છે:

<u>ચંગેરિકા:</u>

આ શબ્દનો અર્થ 'ફૂલ ભરવાની વાંસની નાની ટોપલી' થાય છે. 'પંચદંડ'ની વિષાપહાર દંડની વાર્તામાં, જ્યારે ગોમતી અને સખીઓ પાતાલમાં જાય છે ત્યારે જેનું લગ્ન થવાનું છે એ નાગકન્યા માટે તેઓ ફૂલ ભરેલી 'ચંગેરિકા' લઈ જાય છે. આ શબ્દ પૂર્ણચંદ્રસૂરિ અને દેવમૂર્તિની 'પંચદંડ'ની કૃતિઓમાં પ્રાપ્ત થાય છે. 'પંચદંડ'ની બાકી સંસ્કૃત કૃતિઓમાં આને માટે 'पुष्पकरण्डक' શબ્દ મળે છે. ડૉ. આર. એલ. ટર્નરે 'The Nepalese Dictionary'માં આ શબ્દ 'નેપાળી શબ્દ' તરીકે નોંધ્યો છે. 'पाइअसद्दमहण्णवो'માં આ શબ્દનો અર્થ આ પ્રમાણે આપ્યો છે:

'चंगेरी' स्त्री. (दे.) – टोकरी, कठारी, तृण आदि का बना पात्रविशेष.

આના સંદર્ભગ્રન્થ તરીકે કોશકારે 'प्रश्नव्याकरण सूत्र' અને 'विशेषावश्यक भाष्य'નાં નામ આપ્યાં છે. મોનિયર વિલિયમ્સે આ શબ્દનો અર્થ તો 'વાંસની નાની ટોપલી' આપ્યો છે, પણ સંદર્ભગ્રન્થ તરીકે 'પંચદંડછત્ર'ની સંસ્કૃત કૃતિ જણાય છે. 'अभिधानराजेन्द्र' કોશમાં આ શબ્દનો નીચે પ્રમાણે અર્થ આપ્યો છે:

चंगवेर = काष्ठपात्र्याम्; चंगेरी – चङ्गेरी = महत्यां काष्ठपात्र्यां, बृहत्पाटलिकायां च.

ઉપર્યુક્ત શબ્દોના સન્દર્ભગ્રન્થો તરીકે કોશકારે નામો દર્શાવેલા ગ્રન્થોનાં નામ આપ્યાં છે:

'दशवैकालिकसूत्र' (सटीक), २ अ; 'प्रश्नव्याकरणसूत्र' (सटीक) आश्रवद्वार; 'प्रज्ञापनासूत्र' (सटीक); 'जीवाभिगमसूत्र' (सटीक); आवश्यकमलयगिरि.

શ્રી. એસ. એમ. મજુમદારે, 'Ao Nāgas' (Tribe of Nāgā Hills) નામના પુસ્તકમાં 'Khang' = Bamboo-basket શબ્દ આપેલો છે.[325] ગૌહત્તી યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. પી. ગોસ્વામીએ, તેઓના તા. ૧૯-૩-૫૯ના પત્રમાં 'ચંગેરી' વિષે આ પ્રમાણે લખ્યું છે:

'--- The word Cangeri is found as Cengārī in W. Bengal and as Cāngārī in E. Bengal, a basket. I do not seem to hear it in Assam'

'ચંગેરી' શબ્દની ઉપર્યુક્ત ચર્ચાનો અંતે એક સંશોધનક્ષમ સંભાવના રજૂ કરી શકાય કે, આ શબ્દ કદાચ તંત્રોના સાહિત્યમાંથી ચાલ્યો આવ્યો હોય. તાંત્રિક ઉપાસના, ભારતના ઇશાન ખૂણાના નેપાળ, ભૂતાન, તિબેટ, કામરૂપ આદિ પ્રદેશોમાં વ્યાપક હતી અને તે રીતે નેપાળ અને બંગાળના પ્રદેશોમાં 'ચંગેરી' શબ્દ હજુ પણ વપરાય છે. આ શબ્દના મૂળ તરીકે 'ફરફ' = 'ગ્રારી', 'ફરવડો', 'સાદુંઓનું ફમંડલ' હોય કે કેમ તે વિચારવા જેવું છે.

325. Mamjumder, S. N., 'Ao Nāgs', Calcutta, 1925

હિન્દી સિવાયની બીજી પ્રાદેશિક ભાષાઓમાં તે શબ્દ નથી; એટલે સંભવ છે કે હિન્દીમાં પણ તે બંગાળી આદિની અસરથી આવ્યો હોય.

આમ સમગ્ર રીતે જોતાં, પંચદંડના વાર્તાચક્રના સ્વરૂપઘડતરમાં, સિદ્ધવિદ્યાઓ, વિદ્યાધરો, તાંત્રિક વિદ્યાઓ, રસવિદ્યા (Alchemy) આદિ ચમત્કારિક બળોએ અગત્યનો ભાગ ભજવ્યો છે. છત્રપતિપદ પ્રાપ્ત કરવાની મહત્વાકાંક્ષામાંથી, વિક્રમનાં અદ્ભુત દંડનાં પરાક્રમો પરિણમે છે; એ અદ્ભુત દંડમાંનો 'દંડ' શબ્દ મૂળ તો ચક્રવર્તિને સહાય કરનાર રાજ્યના જુદા જુદા હોદ્દેદારોના પ્રતીક તરીકે વપરાયેલો મળે છે, પણ અદ્ભુત શક્તિના પ્રતીક તરીકે પણ તે અથર્વવેદ જેટલા પ્રાચીન સમયથી વપરાતો આવ્યો છે. ચોરશાસ્ત્રના પ્રણેતા માનવામાં આવતા મૂળદેવનાં સાહસ-વિષયક કથાનકોની અસર પણ આ વાર્તાચક્ર પર વરતાય છે. આ વાર્તાચક્રનો કાર્યપ્રદેશ પ્રાચીન સમયમાં જે જે પ્રદેશ અને નગરમાં વિસ્તરેલો છે તે જોતાં જણાય છે કે, વાર્તાકારે વેપાર, વ્યવહારમાર્ગ, સમૃદ્ધિ, બંદર તરીકેની ખ્યાતિ અને રાજકીય મહત્ત્વ ધરાવતાં કેન્દ્રોને વાર્તાઓમાં ગૂંથ્યાં છે. ગારુડી અને નાગ જાતિઓની પરંપરા તેમ જ 'રાંગોરી' જેવા શબ્દ પંચદંડની કેટલીક વાર્તાઓની, આર્યેતર હોવાની છાપ પાડે છે.


॥श्रीगणेशाय नमः॥ ॥अथ विक्रमचरित्र कथा लिख्यते॥ ॥धारापुरी नाम
नगरी तेने विषे भोज नाम राजा राज्य करे छे। एकदा समे राजा भोज सी
कार चाल्यो जाइ हतो वरषा लेउ जोर थो: सतवारदी हुं॥ ॥अथ तेप
कपते श्रम छ हमै जको हुवे॥ नटरंग पुनी हय्या: केतकी खंड मंडित:
॥२॥ एवुं सरोवर छे: ती हां जु हतो च्यार स्त्री पाणी भरे छे। ती णी पणी ह
रे राइ दीठो: एक बोली: ए राजा अति सुंदर देखा य छे। बीजी बोली: ए
राजा चउद विद्या गुण जाण छे: त्रीजी बोली ए राजा चो दसी दे स को: चो
थी बोली ए राजा इंद्रा रता द श्री विक्रमादित्य नी पेरे काया प्रवेश म



ગુજરાત વિદ્યાસભા અમદાવાદની, [illegible]

[illegible]